અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ મે ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૧૦ | અંક : ૩૦૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દેશભરના ૨૫૯ સ્થળોમાં મોક ડ્રીલ યોજાશે

## મુંબઈ-લખનૌ સહિત ભારતના અનેક શહેરોમાં ડિફેન્સ મોકડ્રીલનું રિહર્સલ

### પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ સાથે મળી આ મોક ડ્રીલનું રિહર્સલ કર્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

પહલગામ હુમલા બાદ પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે આવતીકાલે દેશભરના ૨૫૯ સ્થળોમાં મોક ડ્રીલ યોજાશે. જેના ભાગરૂપે આજે શ્રીનગર, લખનૌ, મુંબઈ સહિત અમુક શહેરોમાં મોક ડ્રીલ રિહર્સલ થયા હતાં. પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ સાથે મળી આ મોક ડ્રીલનું રિહર્સલ કર્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, દેશભરમાં આવતીકાલે મોક ડ્રીલ કરવાની છે. જેથી સિવિલ ડિફેન્સ, પોલીસ અને સ્થાનિક સત્તાધીશોએ આજે તેનું રિહર્સલ કરી કાલની તૈયારીઓ કરી હતી. આ રિહર્સલમાં હવાઈ હુમલા દરમિયાન વાગતી સાયરન ટેસ્ટ પણ થઈ હતી.

સિવિલ ડિફેન્સના ચીફ વોર્ડન અમરનાથ મિશ્રાએ જણાવ્યું હતું કે, અમારી પાસે શિસ્તબદ્ધ ટીમ છે. અમે પ્રજાને હુમલા દરમિયાન સ્વબચાવ માટે ટ્રેનિંગ તેમજ જાગૃત્તિ આપવા માગીએ છીએ. બ્લેકઆઉટની જાહેરાતમાં કેવી સાયરન વાગે છે, અને કેવી રીતે બચાવ કરવો જોઈએ, તેની ટ્રેનિંગ આપીશું.

સિવિલ ડિફેન્સે મોક ડ્રીલ રિહર્સલના ભાગરૂપે પોતાના કર્મચારીઓને શહેરમાં હવાઈ હુમલા દરમિયાન નાગરિકોને બચાવવાની રીત શીખવી હતી. તેમજ સંરક્ષણ માટે માર્ગદર્શિકાઓ પણ આપી હતી. અચાનક થતાં હુમલા દરમિયાન લેવામાં આવતા સાવચેતીના પગલાંઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટ્સ સંવેદનશીલતાના આધારે ત્રણ કેટેગરીમાં મોક ડ્રીલ યોજશે. જેમાં કેટેગરી-૧માં સૌથી સંવેદનશીલ અને કેટેગરી-૩માં ઓછુ સંવેદનશીલ વિસ્તાર સામેલ છે. ૫ મેના રોજ તમામ રાજ્યોને મોક ડ્રીલ યોજવા આદેશ કરાયો હતો. ગૃહ મંત્રાલયે આજે હાઈલેવલની મીટિંગમાં મોક ડ્રીલની તૈયારીોની સમીક્ષા કરી હતી. ગુજરાતમાં પહેલી કેટેગરીમાં સુરત, વડોદરા, કાકરાપાર, બીજી કેટેગરીમાં અમદાવાદ, ભુજ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, કંડલા, નલિયા, અંક્લેશ્વર, ઓખા, વાડિનાર અને ત્રીજી કેટેગરીમાં ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા, અને નવસારી જિલ્લામાં મોક ડ્રીલ યોજાશે.



### અગ્રણી રેટિંગ એજન્સી મૂડીઝે પાક.ને જોખમો સામે ચેતવ્યું

## ભારત સાથે યુદ્ધ થાય તો પાકિસ્તાનનું અર્થતંત્ર દેવાળું ફૂંકશે : મૂડીઝની ચેતવણી

### ૫૦ વર્ષ પહેલા દક્ષિણ એશિયાનો સૌથી સમૃદ્ધ દેશ પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન- લશ્કરી શાસનના કારણે કંગાળ થઇ ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



ભારત સાથે યુદ્ધ તો શું નાનું સરખું છમકલું પણ થયું તો પાકિસ્તાનના અર્થતંત્રએ દેવાળું ફૂંકવાનો વારો આવી શકે છ. આમ કોરોના પછી માંડ-માંડ થાળે પડતું પાકિસ્તાના અર્થતંત્રની ગાડી પાટા પરથી ઉતરી શકે છે. પાકિસ્તાન પાસે માંડ ૧૫ અબજ ડોલરની જ વિદેશી ચલણની અનામતો છે જ્યારે ભારત પાસે ૬૮૮ અબજ ડોલરની અનામતો છે, એમ મૂડીઝ રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું.મૂડીઝે જણાવ્યું હતું કે પાકિસ્તાનને ભારતની સાથે કોઈપણ પ્રકારનો લશ્કરી સંઘર્ષ પોષાય તેમ નથી આવું કંઈપણ થયું તો તેણે રીતસરનું દેવાળું ફૂંકવાનો વારો આવશે. કોરોનાના લીધે પાકિસ્તાનનું અર્થતંત્ર પડી ભાંગ્યુ હતુ અને હાલમાં તે આઈએમએફની લોન પર જીતી રહ્યું છે. હવે જો ભારત સાથે ટૂંકા ગાળાનો પણ લશ્કરી સંઘર્ષ થાય તો પણ પાકિસ્તાનનું અર્થતંત્ર ખતમ થઈ જાય તેમ છે. આઈએમએફે પાકિસ્તાન સાથે ૧.૩ અબજ ડોલરની ડીલ કરી છે અને તે ૩૭ મહિનાના બેઈલ આઉટ કાર્યક્રમની પ્રથમ સમીક્ષા માટે પણ તૈયાર થયું છે. ૨૮ મહિનાના નવા લોન પ્રોગ્રામ હેઠળ પાકિસ્તાનને ૧.૩ અબજ ડોલર મળી શકે છે. આ ઉપરાંત સાત અબજ ડોલરના રાહત પેકેજમાંથી તેને એક અબજ ડોલર મળી શકે છે. આ રીતે તે કુલ બે અબજ ડોલર મેળવી શકે છે. છેલ્લા ૧૮ મહિના દરમિયાન વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પાકિસ્તાને મેક્રોઈકોનોમિક સ્થિરતા અને કોન્ફિડન્સ બિલ્ડિંગના મોરચે સારી પ્રગતિ કરી છે. પાકિસ્તાનનું અર્થતંત્ર કટોકટીમાંથી બહાર આવી રહ્યું છે ત્યારે પાક.ને કેટલાક સુધારાના અમલીકરણની જરૂર છે, જે રાજકીય વિરોધોના લીધે અટવાયા છે. થોડા દિવસ પહેલાં પાકિસ્તાનના નાણાપ્રધાન મુહમ્મદ ઔરંગઝેબે આઈએમએફને ખાતરી આપી હતી કે તેમનો દેશ સાત અબજ ડોલરના સહાય કાર્યક્રમ હેઠળ સુધારા કરશે.એક સમયે ૫૦ વર્ષ પહેલા દક્ષિણ એશિયાનો સૌથી સમૃદ્ધ દેશ પાકિસ્તાન કોવિડ પછીના ત્રણ વર્ષમાં કંગાળ થઈ ગયો હતો. તેનું કારણ ખરાબ સંચાલન અને લશ્કરી સરમુખત્યારશાહી અને આતંકવાદને પ્રોત્સાહન હતું. ઈસ્લામાબાદ : પાકિસ્તાને સોમવાર તા. ૫ મે ના દિવસે, ૧૨૦ કિ.મી. સુધી પ્રહાર કરી શકે અને ભૂમિ-થી-ભૂમિ પર પ્રહાર કરી શકે તેવા 'ફત્તેહ' મિસાઈલનું પરિક્ષણ કર્યું હતું. આ માહિતી આપતાં એસોસિએટેડ ળી પ્રેસ (એ.એફ.પી.) જણાવે છે કે, ઈન્ટર-સર્વિસીઝ પબ્લિક રીલેશન્સે જણાવ્યું હતું કે, એક્સ-ઈન્ડસ કાર્યક્રમ નીચે પાકિસ્તાને આ ટેસ્ટ કર્યા છે. આ પૂર્વે શનિવારે ૪૫૦ કિ.મી.ની રેન્જ ધરાવતા જમીન-થી-જમીન ઉપર માર કરી શકે તેવાં અબ્દાલી-વેપન સિસ્ટીમ ના ભાગરૂપે ફત્તેહ-૨ ગાઈડેડ રોકેટ સિસ્ટીમનો ટેસ્ટ લોન્ચ કર્યો હતો.

### બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાના વાહનમાં ભયાનક IED વિસ્ફોટ

। બલૂચિસ્તાન, તા.૬ ।

બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાની વાહનમાં ભયાનક IED વિસ્ફોટ કરવામાં આવ્યો છે, જેમાં સેનાના એક અધિકારી સહિત ૬ જવાનોના મોત અને પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સેનાના વાહને અમીર પોસ્ટ અને અલી ખાન બેઝ વચ્ચે ઉડાવી દેવાયું છે. ઘટનાની જાણ થતા સેનાની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને ઈજાગ્રસ્તોને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બલૂચિસ્તાનના ગેશ્તરી વિસ્તાર સ્થિત અમીર પોસ્ટ અને અલી ખાન બેઝ વચ્ચેથી પાકિસ્તાની સેનાનું વાહન પસાર થઈ રહ્યું હતું.

### કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો દાવો

## જમ્મુ અને કાશ્મીરમાં સંભવિત આતંકવાદી હુમલા અંગે ગુપ્તચર અહેવાલ આપવામાં આવ્યો હતો

### તેમણે કહ્યું કે આ એક ઈન્ટેલિજન્સ ફેયલોર છે સરકારે તેને સ્વીકારી લીધું છે અને હવે તેઓ તેમાં સુધારો કરશે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૬ ।

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જમ્મુ અને કાશ્મીરમાં સંભવિત આતંકવાદી હુમલા અંગે ગુપ્તચર અહેવાલ આપવામાં આવ્યો હતો. આ પછી જ તેમનો કાશ્મીર પ્રવાસ રદ કરવામાં આવ્યો. ઝારખંડના રાંચીમાં એક રેલીને સંબોધિત કરતી વખતે ખડગેએ દાવો કર્યો હતો કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના ત્રણ દિવસ પહેલા વડા પ્રધાન મોદીને ગુપ્તચર અહેવાલ મોકલવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ



એક ઈન્ટેલિજન્સ ફેયલોર છે. સરકારે તેને સ્વીકારી લીધું છે અને હવે તેઓ તેમાં સુધારો કરશે. જો સરકારને આ વાતની ખબર હતી તો તેમણે કંઈ કેમ ન કર્યું? મને ખબર પડી કે હુમલાના ત્રણ દિવસ પહેલા પીએમ મોદીને એક ગુપ્તચર અહેવાલ મોકલવામાં આવ્યો હતો. આ પછી જ તેમનો કાશ્મીર પ્રવાસ રદ કરવામાં આવ્યો. મેં પણ આ સમાચાર પત્રમાં વાંચ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા જ્યારે ૧૭ ઘાયલ થયા હતા. આ હુમલો પહેલગામની બૈસરન ખીણમાં કરવામાં આવ્યો હતો, જેમાં આતંકવાદીઓએ હિંદુઓને નિશાન બનાવ્યા હતા. પહેલગામ હુમલા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) એ તાત્કાલિક અસરથી સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. આ પહેલી વાર છે જ્યારે ભારતે આટલી મોટી અને કડક કાર્યવાહી કરી છે.

### પાકિસ્તાન પર એક્શનની તૈયારી?

## ૨૪ કલાકમાં NSA અજીત ડોભાલે પીએમ મોદી સાથે બીજી મુલાકાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલુ છે. આ દરમિયાન, NSA અજિત ડોભાલ પીએમ મોદીને મળવા પહોંચ્યા. આ મુલાકાત પ્રધાનમંત્રીના નિવાસસ્થાને થઈ હતી.

કેન્દ્ર સરકાર આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહી માટે રણનીતિ તૈયાર કરવામાં વ્યસ્ત છે. આ હુમલા પછીથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં આ બીજી વખત છે જ્યારે પ્રધાનમંત્રી અજિત ડોભાલને મળ્યા છે. રાજ્ય સરકારો દ્વારા યોજાતા મોક ડ્રીલના એક દિવસ પહેલા આ બેઠક યોજાઈ હતી. છેલ્લા કેટલાક દિવસોમાં, નરેન્દ્ર મોદીએ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, NSA ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને આર્મી, નેવી અને એરફોર્સના વડાઓ સાથે અનેક ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી છે, જેનાથી લશ્કરે તોયબા આતંકવાદી જૂથ સામે લશ્કરી કાર્યવાહીની વાટાઘાટોને વેગ મળ્યો છે. ગયા અઠવાડિયે, વડા પ્રધાન ડોભાલ અને જનરલ ચૌહાણને મળ્યા હતા અને સશસ્ત્ર દળોને ભારતના લશ્કરી પ્રતિભાવની "રીત, ઉદ્દેશ્યો અને સમય નક્કી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા" આપી હતી. અસરકારક નાગરિક સંરક્ષણ માટે ૭ મેના રોજ દેશભરમાં મોક ડ્રીલનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા અપીલ કરી

। નવીદિલ્હી, તા.૬ ।

પહલગામ આતંકવાદી હુમલાને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારે તણાવ છે. દરમિયાન, ઈસ્લામાબાદની મુલાકાતે આવેલા ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા અપીલ કરી છે. આ સાથે, તેમણે બંને દેશો વચ્ચેની વર્તમાન તણાવ પૂર્ણ પરિસ્થિતિને વધુ બગડતી અટકાવવા હાકલ પણ કરી છે.જણાવી દઈએ કે પહલગામ આતંકવાદી હુમલા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં વધેલા તણાવ વચ્ચે અરાઘચી પાકિસ્તાની નેતૃત્વ સાથે વાતચીત માટે એક દિવસીય મુલાકાતે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. તેઓ ગુરુવારે ભારતની મુલાકાતે પણ આવવાના છે.

### સેનાના વાહનને અકસ્માત નડ્યો હતો

## જમ્મુ-કાશ્મીરના પૂંછમાં મુસાફરોની બસ ખીણમાં ખાબકી ગઇ

। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં એક દુઃખદ અકસ્માત સર્જાયો છે. અહીં મુસાફરોથી ભરેલી બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા છે અને ૨૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. અહેવાલો અનુસાર, બસ મેંઢર તરફ જઈ રહી હતી ત્યારે ખોડ ધારા નજીક ડ્રાઈવરે સ્ટેરિંગ કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસ, સેના અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.ચોથી મેના રોજ જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લાના બેટરી ચશ્મા વિસ્તારમાં સેનાનું વાહન ઊંડી ખીણમાં ખબક્યું હતું. આ અકસ્માતમાં ત્રણ સૈનિકોના નિધન થયા હતા. મૃતકોની ઓળખ અમિત કુમાર, સુજીત કુમાર અને માન બહાદુર તરીકે થઈ હતી.

### ટેરિફ લાદવાની જાહેરાત કરીને ફરી ખળભળાટ મચાવી દીધો

## હોલિવૂડ સહિત દુનિયાભરની ફિલ્મો પર ટ્રમ્પે ઝીંક્યો ૧૦૦ ટકા ટેરિફ

। (એજન્સી) અમેરિકા,તા.૬ ।

ટ્રમ્પે અમેરિકાની બહાર બનતી બધી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની યોજના જાહેર કરી છે. આ માટે તેમણે એવી દલીલ કરી છે કે, અમેરિકન ફિલ્મ નિર્માતાઓ વિદેશમાં ફિલ્મ બનાવે એ માટે બીજા દેશો તેમને આકર્ષક ઓફર આપે છે, જેને લીધે અમેરિકનોના હકની રોજગારી વિદેશોમાં જતી રહે છે. આમ થતાં હોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા કામદારોને નુકસાન થાય છે અને સરવાળે અમેરિકાને પણ આર્થિક ફટકો પડે છે. તેથી ટ્રમ્પે અમેરિકન ફિલ્મો અમેરિકામાં જ બને એવા આશયે ફિલ્મો પર ટેરિફ લાદવાની યોજના બનાવી છે.

### સુમાત્રા પ્રાંતમાં બસનો ભયાનક અકસ્માત થયો

## ઈન્ડોનેશિયામાં ખીચોખીચ ભરેલી બસ પલટી, મહિલા-બાળકો સહિત ૧૨ના મોત

। (એજન્સી) ઈન્ડોનેશિયા, તા.૬ ।

ઈન્ડોનેશિયાના પશ્ચિમ સુમાત્રા પ્રાંતમાં બસનો ભયાનક અકસ્માત થયો છે, જેમાં ૧૨ મુસાફરોના મોત અને ૨૩ લોકોને ઈજા તઈ છે. મુસાફરોથી ખીચોખીચ ભરેલી બસના ડ્રાઈવરે સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતા આ અકસમાત સર્જાયો હોવાનું કહેવાય છે. આ ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.દર્દનાક અકસ્માતમાં કેટલાક મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે, જ્યારે કેટલાકનું હોસ્પિટલ લઈ જઈ વખતે મોત થયું છે. મીડિયા રિપોર્ટ મુજબ મૃતકોમાં સૌથી વધુ મહિલાઓ અને બાળકો સામેલ છે.બસ અકસ્માતમાં ૨૩ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તમામ પીડિતોને શહેરની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ડૉક્ટરોના જણાવ્યા મુજબ કેટલાક મુસાફરોની સ્થિતિ ગંભીર છે.

## પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા પરથી એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ

। (એજન્સી) જમ્મુ, તા.૬ ।

જમ્મુ અને કાશ્મીરના પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા પાસેથી એક પાકિસ્તાની નાગરિક પકડાયો છે. વધુ તપાસ ચાલુ છે. આ માહિતી એક સૈન્ય અધિકારીને ટાંકીને સામે આવી છે. આ પાકિસ્તાની નાગરિક એવા સમયે પકડાયો છે જ્યારે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પોતાની નાપાક પ્રવૃત્તિઓ બંધ કરી રહ્યું નથી. ગઈકાલે રાત્રે પાકિસ્તાને નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી ગોળીબાર કર્યો.

## અમેરિકામાં ઘૂસવાના પ્રયાસમાં બોટ ડૂબીઃ બે ભારતીય બાળકો ગુમ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૬ ।

અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરી રહેલા એક ભારતીય પરિવારના બે બાળકો ગુમ થઈ ગયા છે. સોમવારે સવારે કેલિફોર્નિયાના સેન જિએગો પાસે યાત્રી જે બોટમાં યાત્રા કરી રહ્યા હતાં, તે પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ત્રણ લોકો ડૂબી ગયા હતાં. જોકે, બાળકોના માતા-પિતા ભાગ્યશાળી હતા તેથી તે બચી ગયા અને હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. પરંતુ તેમના બે બાળકો ગુમ છે. સેન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને આ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે, આજે સવારે કેલિફોર્નિયાના સેન ડિએગો નજીકના દરિયા કિનારે બોટ પલટી જવાની દુઃખદ ઘટના બની હતી. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે અને નવ ગુમ થયા છે તેમજ ચાર ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટનામાં એક ભારતીય પરિવાર પણ હતો.

## LoC પાસે ક્યારેક પણ હુમલો કરી શકે છે ભારત

। (એજન્સી) નવી દિલ્હી,તા.૬ ।

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફને ભારતના હુમલાનો ડર છે. તેમણે કહ્યું કે ભારત કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) નજીક ગમે ત્યારે લશ્કરી હુમલો કરી શકે છે. આસિફનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પહેલગામ આતંકવાદી હુમલા પછી બે પરમાણુ સશસ્ત્ર દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ છે. આસિફે સોમવારે ઈસ્લામાબાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "એવા અહેવાલો છે કે ભારત નિયંત્રણ રેખા નજીક કોઈપણ જગ્યાએ હુમલો કરી શકે છે."

## ન્યુઝ બોક્ષ

### ગુજરાતમાં ૧૯ સ્થળોએ યુદ્ધ સાયરન સાથે મોક ડ્રિલ યોજાશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૬ |

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની શક્યતા વચ્ચે, ગૃહ મંત્રાલયે યુદ્ધના સાયરન વગાડવાના નિર્દેશો આપ્યા છે. સોમવારે ગૃહ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો હતો અને રાજ્યોને ૭ મે એટલે કે આવતીકાલે આ માટે મોક ડ્રિલ કરવા સૂચનાઓ આપી હતી. આ મોક ડ્રિલ નાગરિકો યુદ્ધ દરમિયાન વાગતા સાયરનને ઓળખી શકે તે માટે હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન યુદ્ધના સાયરન થોડા સમય માટે વાગતા રહેશે. જોકે, નાગરિકોએ આ અંગે ગભરાવાની જરૂર નથી.

ગુજરાતમાં ૧૯ સ્થળોએ યુદ્ધ સાયરન સાથે મોક ડ્રિલ કરવા સૂચનાઓ જારી કરવામાં આવી છે. સરકારે રાજ્યના આ તમામ શહેરોને સાયરન વગાડવા માટે ત્રણ શ્રેણીઓમાં વિભાજિત કર્યા છે. ત્રણ સ્થળો – સુરત, વડોદરા અને કાકરાપારને પ્રથમ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. સુરત અને વડોદરાની ગણતરી વ્યવસાય માટે રાજ્યના મુખ્ય શહેરોમાં થાય છે. કાકરાપારમાં એક પરમાણુ વીજ પ્લાન્ટ છે, જેના કારણે તેને અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં સામેલ કરવામાં આવ્યો છે.

બીજી શ્રેણીમાં ગુજરાતમાં ૯ સ્થળોનો સમાવેશ થાય છે – અમદાવાદ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, કંડલા, નલિયા, અંકલેશ્વર, ઓખા અને વાડીનાર. જ્યારે ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા અને નવસારીને ત્રીજા કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયના આદેશ પર, રાજ્ય સરકારે મોક ડ્રિલ માટેની તૈયારીઓ કરી લીધી છે.

કેટેગરી-૧ સુરત, વડોદરા અને કાકરાપાર

કેટેગરી-૨ અમદાવાદ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, કંડલા, નલિયા, અંકલેશ્વર, ઓખા અને વાડીનાર

કેટેગરી-૩ ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા અને નવસારી

યુદ્ધ દરમિયાન સાયરન વગાડવાના વિવિધ હેતુઓ છે, જેમાં લોકોને હવાઈ હુમલાની ચેતવણી આપવા, વાયુસેના સાથે રેડિયો સંપર્ક સ્થાપિત કરવા અથવા નાગરિક સંરક્ષણ તૈયારીઓ, બ્લેકઆઉટ અને કંટ્રોલ રૂમની તૈયારી કસરતો તપાસવાનો સમાવેશ થાય છે. યુદ્ધના સાયરન ૨ થી ૫ કિલોમીટર દૂર સુધી સાંભળી શકાય છે. આ સામાન્ય એલાર્મ કે એમ્બ્યુલન્સ સાયરન જેવું નહીં હોય. આ એક મોટેથી ચેતવણી હશે, જે ૧૨૦ થી ૧૪૦ ડેસિબલ સુધીનો અવાજ કરશે.

# iWare સપ્લાયચેઇન સર્વિસીસ લિમિટેડનું NSE લિસ્ટિંગ કરાયું

## iWare બેલ-રિંગિંગ માટે સ્ટેજ પર નેતૃત્વ ટીમમાં જોડાવા માટે ટ્રક ડ્રાઈવરોને આમંત્રણ આપ્યું

| ગાંધીનગર, તા.૬ |



આઈવેર સપ્લાયચેઈન સર્વિસીસ લિમિટેડે ૬ મે, મંગળવારના રોજ ગાંધીનગરમાં ધ લીલા હોટેલ ખાતે આયોજિત એક સમારોહમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર તેનું લિસ્ટિંગ કરાવ્યું. આ કાર્યક્રમમાં NSEના પ્રતિનિધિઓ, કંપનીના નેતૃત્વ, રોકાણકારો અને તેની ઓપરેશનલ ટીમના સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત સાથે થઈ, ત્યારબાદ મેનેજિંગ ડિરેક્ટર કૃષ્ણકુમાર તંવર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું. સવારે ૧૦:૦૦ વાગ્યે, તંવર, સુશ્રી ટ્વિંકલ તંવર- CEO, રજનીશ ગૌતમ-ડિરેક્ટર, એનએસઈ અધિકારી અને ઈન્ટરમીડિયરીઝના અન્ય પ્રતિનિધિઓ દ્વારા ઔપચારિક ઘંટડી વગાડવામાં આવી, જે કંપનીના જાહેર બજારોમાં પ્રવેશને સત્તાવાર રીતે દર્શાવે છે. ફ્રન્ટલાઈન કામદારો પ્રત્યેના તેના મૂલ્યો અને પ્રશંસાના પ્રતિબિંબ તરીકે, iWare એ તેના એક સારાથી (ટ્રક ડ્રાઈવરો) ને બેલ-રિંગિંગ માટે સ્ટેજ પર નેતૃત્વ ટીમમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. આ હાવભાવે લોજિસ્ટિક્સ ચેઈન અને કંપનીના વિકાસમાં ડ્રાઈવરો દ્વારા ભજવવામાં આવતી આવશ્યક ભૂમિકાને સ્વીકારી. સમારોહમાં હાજર સારથીઓને સ્મૃતિચિહ્ન અને સન્માન પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાહેરમાં ઉપલબ્ધ રેકોર્ડ મુજબ, આ પહેલી વાર છે જ્યારે કોઈ લોજિસ્ટિક્સ કંપનીએ તેના IPO ની ઘંટડી વગાડતી ક્ષણમાં ડ્રાઈવરને સામેલ કર્યો છે.

આ કાર્યક્રમમાં ગેટફાઈવના ડિરેક્ટર અને આઈપીઓના મુખ્ય મેનેજર શ્રીકાંત ગોયલ પણ હાજર રહ્યા હતા. ગોયલ એક અનુભવી ફાઈનાન્સ પ્રોફેશનલ છે જેમને ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ, કોર્પોરેટ ફાઈનાન્સ અને વ્યૂહાત્મક ભંડોળ એકત્ર કરવામાં ૧૬ વર્ષથી વધુનો અનુભવ છે. કંપની દ્વારા તેમને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સીઈઓ સુશ્રી ટ્વિંકલ તંવરે સભાને સંબોધિત કરી, કંપનીની સફર પર પ્રતિબિંબ પાડ્યો અને તેના આગામી તબક્કા માટેના વિઝનની રૂપ રેખા આપી. કાર્યક્રમ દરમિયાન iWare ના મુખ્ય લક્ષ્યો અને સિદ્ધિઓ દર્શાવતી એક ટૂંકી ફિલ્મ પણ રજૂ કરવામાં આવી. સમારોહનું સમાપન નેતૃત્વ દ્વારા પારદર્શિતા જાળવવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને તમામ હિસ્સેદારો માટે લાંબા ગાળાના મૂલ્યનું સર્જન કરવાની સહિયારી પ્રતિબદ્ધતા સાથે થયું.

## ન્યૂયોર્કમાં ભારતીય મૂળના જય પટેલને સાર્વજનિક આરોગ્ય અસર માટે હેલ્થકેર હીરો એવોર્ડથી સન્માનિત

જ્યારે ઓસ્કાર સિનેમાઈ પ્રતિભાની ઉજવણી કરવામા આવે છે અને ટોની નાટ્યના શ્રેષ્ઠતાને સન્માનિત કરે છે, ત્યારે ૩૦ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સ્નેપ્સ મીડિયા દ્વારા આયોજિત ન્યૂયોર્કના પ્રતિષ્ઠિત હેલ્થકેર હીરોઝ એવોર્ડ્સ માનવતાના સાચા ચેમ્પિયન તરીકે માન્યતા આપવામા આવે છે, જેઓ જીવન બચાવે છે અને દવા, નવીનતા અને કરુણા દ્વારા આશાને પ્રેરણા પણ આપે છે.

જય પટેલ: રીલ આઈકોનથી વાસ્તવિક દુનિયાના જીવન બચાવનાર સુધી



સન્માનિતોના ચુનંદા જૂથમાં મેડ ડેટા સાયન્સ ઈક.ના પ્રમુખ જય પટેલનો પણ સમાવેશ થાય છે, જેમને જાહેર આરોગ્ય પર તેમની પરિવર્તનકારી અસર માટે ઓળખવામાં આવી હતી. વખાણાયેલી બાયોપિક સ્વતંત્ર વીર સાવરકરમાં સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માની ભૂમિકા ભજવવા માટે વ્યાપકપણે ઓળખાય છે, તેમ છતાં, ઈવેન્ટમાં પટેલનું સન્માન સિનેમેટિક નહોતું, તે ખૂબ જ માનવીય હતું. આ સમારોહમાં તેઓ ભારતીય મૂળના એકમાત્ર પુરસ્કાર વિજેતા હતા.

## બે વિધાનસભાની ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજાઈ શકે

| ગાંધીનગર, તા.૬ |

આગામી સમયમાં યોજાનાર ગુજરાતની ૨૪-કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭ – વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે તા.૦૫ મે, ૨૦૨૫ ના રોજ બંને વિધાનસભા મતવિસ્તારની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં કડી વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૨ પુરુષ અને ૨૨૪ મહિલા મતદારોના વધારા સાથે કુલ ૩૭૬ મતદારોનો વધારો થયો છે. વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં ૨૪ પુરુષ અને ૧૬૦ મહિલા તથા ૦૧ ત્રીજી જાતિના મતદારના વધારા સાથે કુલ ૧૮૫ મતદારોનો વધારો થયો છે.

## ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરતા પરિવારોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

### ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિના નિયમોમાં કરાયા ત્રણ મહત્વના ફેરફાર : ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ



| (માહિતી) ગાંધીનગર, તા.૬ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ગામતળની બહાર વસવાટ કરતા નાગરિકોના હિતમાં ત્રણ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. ગુજરાતના અનેક ગામડાઓમાં કેટલાક પરિવારો ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરે છે. આવા પરિવારો ગામતળની બહાર પણ ૨૪ કલાક પૂરતી વીજળી મેળવી શકે તે માટે ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિના નિયમોમાં કેટલાક મહત્વના સુધારા કરવામાં આવ્યા છે.

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ નિર્ણયો અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ગામતળની બહારના કોઈપણ વિસ્તારમાં આવેલા રહેણાક હેતુના મકાનમાં નવીન સિંગલ ફેજ વીજ જોડાણ માટે ખેતીવાડી ફીડર પરથી ફક્ત ૦૩ કિલોવોટ (KW)ના વીજ ભારની મર્યાદામાં રહીને વીજ જોડાણ આપ વામાં આવે છે. આ માટે થતા કુલ વાસ્તવિક ખર્ચ અથવા રૂ. ૦૧ લાખ, બંનેમાંથી જે ઓછી હોય તે રકમ ભરપાઈ કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલા નવા નિર્ણય બાદ હવેથી ગામતળની બહાર વસવાટ કરતા પ રિવારોને ૦૬ કિલોવોટ (KW) સુધીનું સિંગલ ફેજ વીજ જોડાણ મળી શકશે. આ વીજ જોડાણ માટે તેમણે વીજભાર આધારિત એટલે કે, KW આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયને પરિણામે ગામતળની બહાર તેમજ વાડી વિસ્તારમાં ઘર બનાવીને રહેતા ખેડૂતોને માત્ર ફિક્સ ચાર્જ ભરપાઈ કરીને નવીન વીજ જોડાણ મળી શકશે, તેમ મંત્રી શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ આ સંદર્ભે કહ્યું હતું કે, ગામતળની બહાર આવેલા છૂટા-છવાયા મકાનોમાં વીજ જોડાણ આપવા માટે સૌપ્રથમ ખેતી વિષયક હેતુ સિવાયની રહેણાંક હેતુ માટે ઉપયોગ થતો હોય તેવી જમીન અને ખેતીવાડી વીજ જોડાણ ન ધરાવતી જમીનમાં સ્થળની ટેક્નીકલ ચકાસણી કરવામાં આવશે. જેમાં ગામતળથી અંતર, હયાત ખેતીવાડી જોડાણ, વીજ લાઈન ક્રોસિંગ, સલામતી, વીજ ચોરી જેવા વિવિધ માપદંડોને ધ્યાને રાખીને લાગુ પડતી સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેરશ્રીની મંજૂરી બાદ નોન એ.જી (Non Ag) ફીડર પરથી આવા રહેણાંક હેતુ માટેના વીજ જોડાણ કોઈપણ લોડની મર્યાદા વગર આપી શકાશે. આવા ઘર વપરાશના વીજ જોડાણ માટે બંચ કેબલનો ઉપયોગ કરવામાં આવશે.

ઊર્જા મંત્રીશ્રીએ બીજા નિર્ણય અંગે જણાવ્યું હતું કે, ગામતળની બહાર આવેલી આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, રાજ્ય અથવા કેન્દ્ર સરકાર હસ્તકના યુનિટ જેવા જાહેર હેતુ માટે માંગવામાં આવતા નવા વીજ જોડાણો ઉપરાંત પોલ્ટ્રી ફાર્મ, તબેલા, નોંધાયેલા ઢોરવાડા, ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મોબાઈલ ટાવર, મિલ્ક ચિલિંગ પ્લાન્ટ, મેંગો રાઈપનિંગ જેવી વિવિધ પ્રવૃતિઓ માટે માંગવામાં આવતા નવા વીજ જોડાણો માટેનો તમામ વાસ્તવિક ખર્ચ પ્રવર્તમાન સમયમાં લેવામાં આવે છે, તેના બદલે હવેથી આવા એકમોએ માત્ર કિલોવોટ (KW) આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે.

તદુપરાંત, ગામતળની બહાર આવેલ અનાજ દળવાની ઘંટીના વીજ જોડાણનો સમાવેશ પણ આવા એકમોમાં જ કરવામાં આવ્યો છે, જેના કારણે ગામતળની બહાર અનાજ દળવાની ઘંટીને વીજ જોડાણ મળવાથી ગામતળની બહાર વસવાટ કરતા લોકોને નજીકમાં જ અનાજ દળાવવાની સુવિધા મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ત્રીજા નિર્ણય અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અગાઉ ગામતળની બહાર નોન - ટ્રાયબલ વિસ્તારમાં ૧૫ મકાનોનું જૂથ હોય તો જ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવતું હતું. નવા નિર્ણયથી હવે ૧૫ ના બદલે ૧૦ મકાનોનું જૂથ હોય તો પણ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવશે.

## રાજ્યમાં ૨૪ કલાકમાં કમોસમી વરસાદથી જાન-માલને થયેલા નુકસાનના આંકડા જાહેર

| (એજન્સી) ગાંધીનગર, તા.૬ |

રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. અનેક વિસ્તારોમાં અતિભારે પવન સહિત કમોસમી વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. ગઈકાલે મોડી રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ અમદાવાદ શહેરના સેટેલાઈટ, મેમનગર સહિત કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ તૂટી પડ્યો હતો. તે સહિત રાજ્યના લગભગ ૧૩ જિલ્લામાં ચોવીસ કલાક દરમિયાન આંધી અને વરસાદને કારણે જાન-માલને થયેલા નુકસાનના આંકડા રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, રાજ્યના અમદાવાદ, અરવલ્લી, આણંદ, ખેડા, ગાંધીનગર, દાહોદ, નર્મદા, પંચમહાલ, બનાસકાંઠા, મહીસાગર, મહેસાણા, વડોદરા તથા સુરેન્દ્રનગર એમ ૧૩ જિલ્લામાં બદલાયેલા હવામાનને કારણે જાન-માલને નુકસાન થયું હતું. આંધી અને વરસાદને કારણે ખેડા જિલ્લામાં સૌથી વધુ ચાર, વડોદરા જિલ્લામાં ત્રણ, અમદાવાદ, અરવલ્લી, દાહોદ જિલ્લાઓમાં ૨-૨ તથા આણંદ જિલ્લામાં એક એમ કુલ ૧૪ વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે.

## પુલના અભાવે નાવડીમાં સવાર થઈ જાનૈયા સાથે વરરાજા પરણવા નીકળ્યા

| (એજન્સી) મહિસાગર, તા.૬ |

રાજ્ય સરકાર વિકાસના મોટા મોટા બણગાં ફૂંકે છે, ત્યારે ગુજરાતના ઘણા એવા વિસ્તારો છે જ્યાં આજ દિન સુધી પાકા રસ્તા, પુલ જેવી પાયાની જરૂરિયાતોનો અભાવ છે. આજે અમે તમને ગુજરાતના એક એવા ગામની વાત કરીશું. જ્યાં પુલના અભાવે વરરાજા હોડીમાં બેસી પરણવા નીકળ્યા છે. દરરોજ બાળકો જીવના જોખમે અભ્યાસ અર્થે હોડીમાં બેસીને જાય છે. ગ્રામજનોની વર્ષો જૂની પુલની માંગ આજ દિન સંતોષવામાં આવી નથી. અમે વાત કરી રહ્યા છે મહિસાગર જિલ્લાના કડાણાના રાઠડા બેટ વિસ્તારની, જ્યાં આજે પણ 'વિકાસ' નો પનો ટૂંકો પડ્યો છે. સ્થાનિકોને અવર-જવર માટે બોટ સિવાય કોઈ વિકલ્પ નથી. વાત જાણે એમ છે કે રાજસ્થાનની સરહદે રાઠડા બેટ ગામ આવેલું છે. અહીંના લોકોની જમીન પર કડાણા ડેમના પાણી વળતાં જમીન બેટમાં ફેરવાઈ ગઈ છે. જેથી સ્થાનિક રહેવાસીઓ છૂટક મજૂરી માટે મજબૂર બન્યા છે.

## વડોદરામાં પવન અને કાળા ડિબાંગ વાદળો સાથે કમોસમી વરસાદ પડ્યો

| (એજન્સી) વડોદરા, તા.૬ |

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં કમોસમી વરસાદ અને ભારે પવનની આગાહી કરવામાં આવી હતી, તે મુજબ વડોદરા જિલ્લાના કરજણ અને શિનોર તાલુકાના વાતાવરણમાં અચાનક મોટો પલટો આવ્યો છે. બપોર બાદ આ વિસ્તારોમાં સુસવાટા મારતા ભારે પવનો ફૂંકાવા લાગ્યા હતા અને આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. ત્યારબાદ ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. વડોદરામાં જાણે મીની વાવાઝોડું ત્રાટક્યું હોય તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે. કાળા ડિબાંગ જેવા વાદળો અને ભારે પવનને જોઈને ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે. શિનોર તાલુકો મુખ્યત્વે ખેતી પર નિર્ભર ખેતી પ્રધાન તાલુકો છે, અને અહીંના ખેડૂતો ઉનાળુ પાક લઈને બેઠા છે. જો હવામાન વિભાગની આગાહી પ્રમાણે મધ્ય ગુજરાતના વડોદરા સહિતના તાલુકાઓમાં ભારે પવન અને વરસાદ વરસે, તો ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

## વિશેષ

### ૧૦ દિવસમાં રૂ. ૫૯.૫૦ લાખની ખરીદી કરી ગ્રામીણ મહિલાઓને પ્રોત્સાહન આપતા શહેરીજનો

# રાજકોટનો 'સરસ' મેળો હવે ૧૫ મી મે સુધી માણી શકાશે









| રાજકોટ |

રાજકોટ ખાતે ગત તા. ૨૫ એપ્રિલ થી ૪ મે સુધી આયોજિત ''સરસ મેળા''ની મુદત દસ દિવસની વધારવામાં આવી છે, આથી આ મેળો હવે ૧૫ મી મે સુધી રેસકોર્સ ખાતે માણી શકાશે.

આ 'સરસ' મેળામાં રાજયભરના ૫૦ જેટલા સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ હસ્તકલાની વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું છે

રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા આયોજિત આ મેળાને બહોળો જન પ્રતિસાદ મળતાં આ મેળાને ૧૫ મે સુધી લંબાવવાનું આયોજન કરાયું હોવાનું આજીવિકા મિશન મંગલમના અધિકારીશ્રી વી. બી. બસીયાએ જણાવ્યું છે. સરસ મેળામાં ૫૦ ક્રાફ્ટ સ્ટોલ અને ૧૧ લાઈવ ફૂડ સ્ટોલ મળીને કુલ ૬૧ સ્ટોલ ઉભા કરાયા છે. આ મેળામાં ગત ૧૦ દિવસ દરમ્યાન લોકોએ બહોળી સંખ્યામાં મુલાકાત લઈ ગ્રામીણ હસ્તકલાને વખાણી કુલ રૂ. ૫૯.૫૦ લાખની ખરીદી કરી ગ્રામીણ મહિલાઓને પ્રોત્સાહિત કરેલ છે. આવી જ રીતે સરસ મેળામાં આગામી ૧૦ દિવસોમાં અન્ય ૫૦ જેટલા સખી મંડળની બહેનોને તેઓની હસ્તકલાની વસ્તુઓનું વેચાણ કરવાનો લાભ મળશે.

**આજીવિકા મિશન મંગલમ**

ગુજરાત સરકારે આર્થિક રીતે નબળા કુટુંબોના જીવનધોરણમાં સુધારો લાવવા અને ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ્ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (જી.એલ.પી.સી.)ની રચના કરી હતી. મિશન મંગલમ દ્વારા ગ્રામીણ મહિલાઓને તેમની હસ્તકળા દ્વારા સ્વાવલંબી બનાાવી પરિવાર, સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી બનાવવાના હેતુ અર્થે બહેનો માટે સખી મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બહેનો દ્વારા તૈયાર કરાયેલ હાથશાળની વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવે છે. માત્ર એટલું જ નહીં, મહિલાઓ પગભર થાય તે માટે સખી મંડળની મહિલાઓને તાલીમ પણ આપવામાં આવે છે. મહિલાઓ ઉત્પાદન કરી શકે, તે માટે તેઓને લોન ઉપરાંત રીવોલ્વિંગ ફંડ પણ આપવામાં આવે છે.

**જીલ્લામાં પાંચ હજારથી વધુ સખી મંડળો મારફતે મહિલાઓને મળે છે રોજગારી**

રાજકોટ જિલ્લામાં કુલ ૫,૨૩૮ એક્ટિવ સખીમંડળો કાર્યરત છે. તાલુકા પ્રમાણે જોઈએ તો ધોરાજીમાં ૩૨૮, ગોંડલમાં ૭૫૭, જામકંડોરણામાં ૩૨૦, જસદણમાં ૭૮૪, જેતપુરમાં ૪૨૮, કોટડા સાંગાણીમાં ૪૨૭, લોધિકામાં ૩૯૭, પડધરીમાં ૪૨૬, રાજકોટમાં ૫૮૩, ઉપલેટામાં ૩૩૩ અને વિંછીયા તાલુકામાં ૪૫૫ સખી મંડળો કાર્યરત છે. મંડળની મહિલાઓ દ્વારા ઉન વર્ક, ઈમિટેશન વર્ક, પશુપાલન, અગરબત્તી, આયુર્વેદિક વસ્તુઓ, ઑક્સીડાઈઝ્ડ જવેલરી બોક્સ, લાકડાના રમકડા સહિતની વસ્તુઓનું નિર્માણ કરવામાં આવે છે. આ સખીમંડળોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું 'આત્મનિર્ભર ભારત' અને 'મહિલા સ્વાવલંબન'નું સ્વપ્ન ચરિતાર્થ થતું જોવા મળે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## માર્ગ અકસ્માતના પીડિતો માટે દોઢ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર




। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માતગ્રસ્ત લોકો તેમજ તેમના પરિવારોને મોટી રાહત આપવામાં આવી છે. આ અંગે આજે મંગળવારે એક જાહેરનામું બહાર પાડીને દુર્ઘટનાઓમાં ઘાયલોને તત્કાળ કેશલેસ સારવાર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ઊભી કરી છે. માર્ગ પરિવહન મંત્રાલયના આ જાહેરનામા અનુસાર આ યોજના અંતર્ગત દુર્ઘટનાના સમયથી સાત દિવસમાં કોઈપણ માન્ય હોસ્પિટલમાં ઘાયલોને દોઢ લાખ (૧.૫ લાખ) રૂપિયા સુધીની સારવાર કેશલેસ ઉપલબ્ધ થશે. આ યોજના ગઈકાલ અર્થાત પાંચમી મે, ૨૦૨૫થી લાગુ થઈ હોવાનું જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.સરકારે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, કોઈપણ માર્ગ ઉપર વાહન દ્વારા થયેલા અકસ્માતને કારણે ભોગ બનેલા કોઈપણ વ્યક્તિ આ યોજના હેઠળ કેશલેસ સુવિધા માટે હકદાર રહેશે. નોંધપાત્ર છે કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ થોડા સમય પહેલાં માર્ગ અકસ્માતો અંગે ચિંતા વ્યક્ત કરીને અકસ્માતોના પીડિતોને રાહત આપવા માટે યોજના લાવવામાં આવશે.

## બેંગલુરુમાં IPSનો પરિવાર પણ સુરક્ષિત નથી

। (એજન્સી) બેંગલુરુ, તા.૬ ।

તાજેતરમાં બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં IPL મેચ દરમિયાન એક વરિષ્ઠ IPS અધિકારીના બાળકો સાથે છેડતીની ઘટના સામે આવી હતી. ફરિયાદ બાદ હવે જાતીય સતામણી અને ધમકીનો કેસ નોંધવામાં આવ્યો છે. શંકાસ્પદોમાં એક વરિષ્ઠ આઈટી અધિકારી પણ સામેલ છે. આ મામલે પોલીસે જણાવ્યું કે, આ ઘટના ૩ મેના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યે પ્રીમિયમ સીટિંગ એક્લોઝર ડાયમંડ બોક્સમાં બની હતી જ્યારે RCB અને CSK વચ્ચે મેચ રમાઈ રહી હતી. ફરિયાદી IPS અધિકારીની પત્નીએ જણાવ્યું કે, બે અજાણ્યા વ્યક્તિઓએ મારા ૨૨ વર્ષના પુત્ર સાથે દુર્વ્યવહાર કર્યો અને મારી ૨૬ વર્ષની પુત્રીને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો. આ અજાણ્યું દંપતી જોરથી બૂમો પાડી રહ્યું હતું અને અમારા બાળકોને ધમકાવી રહ્યું હતું અને પરેશાન કરી રહ્યું હતું. તેઓએ મારી પુત્રી સાથે પણ દુર્વ્યવહાર કર્યો અને તેની સાથે છેડતી કરી. ફરિયાદીએ દાવો કર્યો કે, આ સમગ્ર ઘટના મારા પુત્રએ પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી લીધી હતી. પોલીસે જણાવ્યું કે, આ ઘટનામાં સંડોવાયેલા શંકાસ્પદોમાં એક વરિષ્ઠ IT અધિકારી પણ હતો.

ડિપોર્ટેશન ખર્ચ ઘટાડવા મોટો નિર્ણય

# સ્વેચ્છાએ સ્વદેશ ફરનારાઓને ટ્રમ્પ આપશે ૧૦૦૦ ડોલર અને પ્રવાસ ભથ્થુ

### ગેરકાયદે પ્રવાસીઓ સ્વેચ્છાએ સામૂહિક ધોરણે પોતાના વતન સરળતાથી પહોંચી શકે તે હેતુ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વેચ્છાએ અમેરિકા છોડનારા ગેરકાયદે પ્રવાસીઓને ૧૦૦૦ ડોલર તેમજ થતો મુસાફરી ખર્ચમાં સહાય આપશે. અમેરિકામાં રહેતાં ગેરકાયદે પ્રવાસીઓ સ્વેચ્છાએ સામૂહિક ધોરણે પોતાના વતન સરળતાથી પહોંચી શકે તે હેતુ સાથે ટ્રમ્પે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટે આ અંગે માહિતી આપી હતી કે, DHSએ ગેરકાયદે રહેતા વિદેશીઓને સીબીપી એપ મારફત પોતાના વતન પરત મોકલવા માટે



નાણાકીય અને મુસાફરી સહાયતા પ્રદાન કરવાની એક ઐતિહાસિક તક જાહેર કરી છે. કોઈપણ ગેરકાયદે વસવાટ કરતો પ્રવાસી સ્વેચ્છાએ જ સીબીપી હોમ એપનો ઉપયોગ કરી પોતાના વતન જવાની તૈયારી દર્શાવે છે તો, તેને ૧૦૦૦ ડોલરનું સ્ટાઈપેન્ડ (વળતર) મળશે. જેની ચૂકવણી તેના સ્વદેશ પહોંચ્યાની ખાતરી થયા બાદ થશે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ વળતરનો ખર્ચ થતો હોવા છતાં અમેરિકાની સરકાર દ્વારા હાથ ધરાયેલી ડિપોર્ટેશનની કવાયતના ખર્ચમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો થશે. હાલ અમેરિકાની સરકારને એક ગેરકાયદે રહેતાં પ્રવાસીની ધરપકડ, અટકાયત તથા તેને ડિપોર્ટ કરવાનો ખર્ચ ૧૭૧૨૧ ડોલર છે. એપની મદદથી સ્વેચ્છાએ લોકો પરત ફરવા પર સરકાર ૧૦૦૦ ડોલર તેમજ ટિકિટ ખર્ચ ચૂકવશે.

મોક ડ્રીલ પર અખિલેશ યાદવનું મોટું નિવેદન

# સરકાર જે કહેશે તે અમે સ્વીકારીશું તમારે પણ સ્વીકારવું જોઈએ : અખિલેશ

### આતંકવાદી હુમલા અંગે સરકાર જે પણ નિર્ણય લે છે તેમાં બધા તેની સાથે છે હવે મોકડ્રીલ થવા જઈ રહી છે તેથી, સરકાર જે કહેશે તે અમે સ્વીકારીશ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૬ ।

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે યુપી સહિત દેશભરમાં યોજાઈ રહેલા મોક ડ્રીલ પર કેન્દ્ર સરકારના વલણને સમર્થન આપ્યું છે. સપા વડાએ કહ્યું કે સમગ્ર વિપક્ષે કહ્યું છે કે આતંકવાદી હુમલા અંગે સરકાર જે પણ નિર્ણય લે છે તેમાં બધા તેની સાથે છે. હવે મોકડ્રીલ થવા જઈ રહી છે. તેથી, સરકાર જે કહેશે તે અમે સ્વીકારીશું. ગમે તે લાઈટ કે સફેદ રંગ બંધ કરવાની જરૂર હોય, તમારે પણ આ સાથે સંમત થવું જોઈએ. સરકાર જે કંઈ કહે તે દરેકે



સ્વીકારવું જોઈએ. તમને જણાવી દઈએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બુધવારે (૭ મે) મોક ડ્રીલ કરવાનો નિર્દેશ આપ્યો છે. યુપીના ઘણા જિલ્લાઓમાં મોક ડ્રીલનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આગ્રા, પ્રયાગરાજ, બરેલી, ગાઝિયાબાદ, ગોરખપુર, ઝાંસી, કાનપુર, લખનૌ, મથુરા, મેરઠ, મુરાદાબાદ, સહારનપુર, વારાણસી, બક્ષી કા તાલાબ, મુગલસરાય અને સરસવામાં મોક ડ્રીલ હાથ ધરવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં અખિલેશ યાદવે કહ્યું કે સાક્ષી મહારાજ જ્યારે પણ ઈચ્છશે ત્યારે સમાજવાદી પાર્ટીમાં જોડાશે. તેમણે કહ્યું કે સરકાર લખનૌમાં JPNIC વેચવા જઈ રહી છે. સમાજવાદી પાર્ટી તેને ખરીદવા માંગે છે.




શ્રીનગરમાં ગૃહ મંત્રાલય દ્વારા આદેશિત રાષ્ટ્રવ્યાપી મોક ડ્રીલના એક દિવસ પહેલા જમ્મુ અને કાશ્મીર SDRFના જવાનો દાલ તળાવ ખાતે મોક ડ્રીલ કરી.

# લોકો સોના અને ચાંદીના સિક્કા શોધતા જોવા મળ્યા

### આ જળસ્તરમાં ઘટાડાના કારણે ઘણા લોકો નદીની વચ્ચે પગપાળા ચાલીને ફોટો લેવા પહોંચ્યા હતા

। (એજન્સી) શ્રીનગર, તા.૬ ।

જમ્મુ-કાશ્મીર પોલીસે લોકોને ચેતવણી આપી છે કે તેઓ જમ્મુના અખનૂર ક્ષેત્રમાં ચિનાબ નદીને પગપાળા પાર ન કરે. નદીનું જળસ્તર પોતાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું છે, જેના કારણે સેંકડો ગ્રામીણ લોકો નદી કિનારે એકઠા થઈ ગયા છે. કેટલાક લોકોને નદીના છીછરા પાણીમાં સોના-ચાંદીના સિક્કા અને ઘરેણાં શોધતા જોવા મળ્યા હતા.૨૨ એપ્રિલના રોજ પહેલગામ હુમલા બાદ, કેન્દ્ર સરકારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦થી ચાલી રહેલી સિંધુ જળ સંધિને સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી. ગત સપ્તાહે કાંપ દૂર કરવામાં આવ્યા બાદ સોમવારે આ બંને બંધોના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા જેથી જળાશયોને ફરીથી ભરી શકાય. તેના પરિણામે ચિનાબનું જળસ્તર ખાસ કરીને અખનૂર ક્ષેત્રમાં ઘણું ઓછું થઈ ગયું. આ જળસ્તરમાં ઘટાડાના કારણે ઘણા લોકો નદીની વચ્ચે પગપાળા ચાલીને ફોટો લેવા પહોંચ્યા હતા.

# ભારત પાકિસ્તાન તણાવ વચ્ચે યોજાઇ યુએનએસસીની બેઠક

### ભારતે ૨૩ એપ્રિલના રોજ પાંચ મોટા નિર્ણયો લીધા જેમાંથી એક મહત્વપૂર્ણ નિર્ણય સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવે આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતા વધારી દીધી છે. આ દરમિયાન પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની તાત્કાલિક બંધ બારણે બેઠક બોલાવવાની માંગ કરી હતી.જો કે આ બેઠકમાં પાકિસ્તાનને નિરાશા હાથ લાગી તેમજ કોઈ ઔપચારિક ઠરાવ પસાર થયો ન હતો.આ બેઠક પછી સંયુક્ત રાષ્ટ્રમાં



પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ અસીમ ઈફ્તિખારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થયો છે. તેમણે કહ્યું કે બેઠકમાં જમ્મુ કાશ્મીર મુદ્દાના ઉકેલ પર ચર્ચા કરવામાં આવી હતી. કાઉન્સિલના ઘણા સભ્યોએ પુનરોચ્ચાર કર્યો કે આ વિવાદનો ઉકેલ સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો અનુસાર શાંતિપૂર્ણ રીતે આવવો જોઈએ.ઈફ્તિખારે કહ્યું કે પાકિસ્તાને ૨૩ એપ્રિલના ભારતના એકપક્ષીય પગલાં લશ્કરી પગલાં અને આર્થિક દબાણની વ્યૂહરચના અંગે સંયુક્ત રાષ્ટ્રને પોતાની ચિંતાઓ જણાવી હતી. પાકિસ્તાને દલીલ કરી હતી કે ભારતના આક્રમક વલણથી માત્ર પ્રાદેશિક સ્થિરતા જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદાનું પણ ઉલ્લંઘન થાય છે.

અમેરિકન ઉદ્યોગપતિ એલોન મસ્કની મોટી જીત

# SpaceX લોન્ચ સાઈટ ટેક્સાસ શહેર 'સ્ટારબેઝ' તરીકે ઓળખાશે

### કેમેરોન કાઉન્ટી ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરાયેલા પરિણામો અનુસાર પ્રસ્તાવના પક્ષમાં ૨૧૨ મત પડ્યા હતા

। (એજન્સી) મેકએલેન, તા.૬ ।

અમેરિકન ઉદ્યોગપતિ એલોન મસ્કની રોકેટ કંપની સ્પેસએક્સની લોન્ચ સાઈટ હવે એક શહેર બની ગઈ છે. સ્ટારબેઝ નામના આ વિસ્તારને હવે ઔપચારિક રીતે શહેર જાહેર કરવામાં આવ્યું છે. આ નિર્ણયને રહેવાસીઓના મત દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, જેમાં મોટાભાગના મતદારો સ્પેસએક્સના કર્મચારીઓ હોવાનું મનાય છે. કેમેરોન કાઉન્ટી ચૂંટણી વિભાગ દ્વારા




જાહેર કરાયેલા પરિણામો અનુસાર પ્રસ્તાવના પક્ષમાં ૨૧૨ મત પડ્યા હતા જ્યારે તેની વિરુદ્ધમાં માત્ર છ મત પડ્યા હતા. આ નિર્ણય બાદ એલોન મસ્કે X પર પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે તે હવે ખરેખર એક શહેર બની ગયું છે. દક્ષિણ ટેક્સાસનું નામ બદલવાને એલોન મસ્ક માટે મોટી જીત માનવામાં આવી રહી છે. સ્ટારબેઝ લોન્ચ સાઈટ માત્ર અવકાશ યાત્રા માટે જ મહત્વપૂર્ણ નથી, પરંતુ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને નાસા સાથેના કરાર હેઠળ ચંદ્ર અને મંગળ પર માનવ મિશન મોકલવા માટેનું એક મુખ્ય કેન્દ્ર પણ બનશે. મસ્કે ૨૦૨૧માં સ્ટારબેઝનો વિચાર રજૂ કર્યો હતો.

ચિનાબનું જળસ્તર માત્ર બે ફૂટ થયું

# ભારતે પાણી રોકતા પાકિસ્તાનમાં ખરીફ પાકમાં ભારે નુકસાનનો દાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

પહલગામ આતંકી હુમલા પછીપાકિસ્તાનનેપાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. ભારતે સિંધુ જળસંધિને પહેલાથી જ સ્થગિત કરી દીધી છે અને હવે ચિનાબ નદી પરના બગલીહાર અને સલાલ બંધના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. જોના કારણે પાકિસ્તાન તરફ વહેતું ચિનાબ નદીનું પાણી સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે અને પડોશી દેશ ખરીફ પાકમાં ભારે નુકસાન થઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસોમાં સતત વરસાદને કારણે પહાડોમાં ઘણું પાણી જમા થઈ ગયું છે. આ દરમિયાન સાલાર ડેમના ઘણા દરવાજા ખોલવામાં આવ્યા હતા, પરંતુ હવે સરકારે પાકિસ્તોન તરફ વહેતું પાણી સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. આ ઉપરાંત રામબનમાં બગલીહાર ડેમના દરવાજા બંધ થયા પછી, ચિનાબ નદીનો પ્રવાહ ઘણો ઓછો થઈ ગયો છે.ચિનાબ નદીના પાણીમાં ઘટાડો થવાથી પાકિસ્તાનની ખેતી અને પર્યાવરણ બંને પર પ્રતિકૂળ અસર પડી શકે છે. સ્થાનિકોના મતે નદીનું પાણીનું સ્તર જે પહેલા ૨૫-૩૦




ફૂટ સુધી પહોંચતું હતું, તે હવે માંડ ૨ ફૂટ પાણી સાથે વહી રહ્યું છે. હવે પાણી ઓસરી ગયા છે. ભારતમાંથી પાકિસ્તાનમાં પ્રવેશતી ચિનાબ અને અન્ય નદીઓનું પાણી રોકવામાં આવી રહ્યું છે. આ પછી ઈસ્લામાબાદની સિંધુ નદી પ્રણાલી સત્તામંડળ (IRSA) સલાહકાર સમિતિએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. IRSA કહે છે કે, આનાથી પાકિસ્તાનમાં ખરીફ સિઝનની શરૂઆતમાં ૨૧ ટકા પાણીની અછત સર્જાઈ શકે છે, જેના કારણે પાકને ભારે નુકસાન થઈ શકે છે.જો ભારત-પાકિસ્તાનની પશ્ચિમ તરફ વહેતી નદીઓ પર પોતાનો નિયંત્રણ મજબૂત બનાવે છે અને વર્તમાન પરિસ્થિતિ યથાવત રહે છે, તો પાકિસ્તાનને ખરીફ ઋતુ દરમિયાન પાણીની તીવ્ર અછતનો સામનો કરવો પડી શકે છે.

વ્લોગરે સ્વચ્છતા સામે સવાલ ઉઠાવ્યા

# ભારતીય ટ્રેનમાં મુસાફરી બાદ અમેરિકન વ્લોગરને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ટ્રેનમાં સ્વચ્છતાના અભાવ મામલે ભારતીય રેલવે સામે આવારનવાર સવાલો ઉભા થાય છે. એવામાં ભારતીય રેલવેમાં મુસાફરી બાદ એક અમેરિકન પ્રવાસીને શ્વસનતંત્રનું ગંભીર ઈન્ફેકશન થઈ ગયું હોવાના અહેવાલ છે. થર્ડ એસી ટ્રેનમાં કલાકો સુધી મુસાફરી કર્યા બાદ એક અમેરિકન કન્ટેન્ટ ક્રિએટરને હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી છે.નિક મેડોક નામના અમેરિકન વ્લોગરે દાવો કર્યો છે કે ૧૫ કલાકની ટ્રેન મુસાફરીનું બાદ તેને શ્વસનતંત્રમાં ચેપ લાગી ગયો છે. નિકે ભારતીન ટ્રેનની મુસાફરીને તેના છ વર્ષના પ્રવાસમાં સૌથી અસ્વચ્છ અનુભવો ગણાવ્યો હતો. તેમણે પ્રતિજ્ઞા લીધી હવે તે ક્યારેય ભારતીય ટ્રેનમાં મુસાફરી નહીં કરે. તેણે વારાણસીથી ન્યૂ જલપાઈગુડી સુધી થર્ડ એસી કોચમાં મુસાફરી કરી હતી. નીકે સોશિયલ મીડિયા પર વિડીયો પોસ્ટ કર્યા છે.અમેરિકાના મિઝોરી રાજ્યના વ્લોગરે લખ્યું, "મને ભારત ખૂબ ગમે છે. અહીં ઉષ્માભર્યા અને ઉદાર



લોકો, અનંત મનોહર દૃશ્યો અને સમૃદ્ધ અને પવિત્ર ઈતિહાસ છે, મારે એ પણ સ્વીકારવું પડશે કે વારાણસીથી ન્યૂ જલપાઈગુડી સુધીની મારી ૧૫ કલાકની ટ્રેન મુસાફરી મારા ૬ વર્ષના પ્રવાસમાં સૌથી ખરાબ અનુભાવ હતો. કોઈ હાયર ક્લાસ અવેલેબલ ન હતાં."વ્લોગરે નીક હાલમાં ભૂટાનની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમણે લખ્યું, "ત્રણ દિવસ પછી, ભૂટાનમાં મને ગંભીર શ્વસન ચેપ હોવાનું નિદાન થયું. હું હવે સ્વસ્થ થઈ રહ્યો છું પરંતુ સંપૂર્ણ સ્વસ્થ થવામાં ઘણો સમય થશે."નીકે ટ્રેનના વોશરૂમનો એક વીડિયો પણ શેર કર્યો, જેમાં વોશરૂમની ખરાબ હાલત અને સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે. ઈન્સ્ટાગ્રામ રીલના ઓન-સ્ક્રીન ટેક્સ્ટમાં લખ્યું હતું, "તેને હજુ સુધી ખબર નથી, પરંતુ ૭૨ કલાક પછી તે ગંભીર ચેપ સાથે હોસ્પિટલમાં હશે."તેમનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહ્યો છે. કેટલાક લોકોએ તેની સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે. તો ઘણા લોકોએ તેની ટીકા કરી રહ્યા છે. કેટલાક યુઝર્સ તેના પર ભારતને બદનામ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.એક યુઝરે કમેન્ટ કરી, "મોટાભાગના પ્રવાસીઓ એશિયાના બધા દેશોના સૌથી ગરીબ અને ખરાબ વિસ્તારોમાં જાય છે અને પછી જાહેર કરે છે કે આખો દેશ આવો જ છે. આનું કારણ એ છે કે આ પ્રવાસીઓ આર્થિક રીતે સમૃદ્ધ વિસ્તારોમાં જવા માટે સક્ષમ નથી, અને પછી રડે છે."નીકે એક કમેન્ટનો જવાબ આપતા કહ્યું, "ખરાબ બાથરૂમ અને સિંકમાં ઉલટી સામે બોલાવવા બદલ મને ક્યારેય આટલી નફરત અને ટીકાનો સામનો કરવો પડ્યો નથી. આ આશ્ચર્યજનક છે કારણ કે ભારતમાં લોકો ખૂબ જ દયાળુ, ઉષ્માભર્યા અને માયાળુ છે. હું પ્રયાસ કરીશ કે કીબોર્ડ વોરીયર્સઓ મારા સારા દૃષ્ટિકોણને ન બદલી શકે.

કેદારનાથમાં ગંભીર વાયરસ

# કેદારનાથમા બે દિવસમાં ૧૪ ઘોડા-ખચ્ચરના મોત, ૧૬૦૦૦ પશુના સેમ્પલ લેવામાં આવ્યા

### ઘોડા-ખચ્ચરોમાં એક્કાઈન ઇન્ફ્લૂએન્ઝા વાયરસ ફેલાયો હોવાની માહિતી મળ્યા બાદ પશુપાલન વિભાગે તુરંત હરકતમાં આવી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૬ ।

ઉત્તરાખંડમાં ચારેય ધામના કપાટ ખુલી ગયા બાદ દૈનિક હજારો શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવી રહ્યા છે, જોકે આ દરમિયાન કેદારનાથમાં રહસ્યમય વાયરસ ફેલાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહીં વાયરસના કારણે બે દિવસમાં ૧૪ ઘોડા અને ખચ્ચરના મોત થયા છે. આ ઉપરાંત ૧૫૨ પશુઓ પોઝિટિવ હોવાનું પણ સામે આવ્યું છે. આ ઘટના બાદ વહિવટીતંત્રએ ઘોડા-ખચ્ચરની સવારી પર ૨૪ કલાકનો પ્રતિબંધ લાદી દીધો છે. બીજીતરફ કેન્દ્ર સરકારે સંક્રમણના કારણે પશુઓના મોત થયા બાદ તુરંત દિલ્હીથી ટીમ રુદ્રપ્રયાગ રવાના કરી દીધી છે. મળતા અહેવાલો મુજબ રુદ્રપ્રયાગ જિલ્લામાં ઘોડા અને ખચ્ચરોમાં એક્કાઈન ઈન્ફલૂએન્ઝા વાયરસ ફેલાયો હોવાની માહિતી મળ્યા બાદ પશુપાલન વિભાગે તુરંત હરકતમાં આવી પશુઓની તપાસ અને સારવાર શરૂ કરી દીધી છે. વિભાગે ૪થી ૩૦ એપ્રિલ સુધીમાં ૧૬૦૦૦ હજારથી વધુ ઘોડા-ખચ્ચરોની સ્ક્રીનિંગ કરવાની સાથે સેમ્પલ એકઠા કર્યા છે. આરોગ્ય




તંત્રએ દોડધામ કરીને પશુઓના સીરો સેમ્પલિંગ લેતા ૧૫૨ પશુઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે પશુઓના RT-PCR રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ છેલ્લા બે દિવસમાં ૧૪ પશુઓના મોત થયા હડકંપ મચી ગયો છે. સરકાર અને તંત્રની ટીમ એલર્ટ થઈ ગઈ છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી એ સંબંધીત અધિકારીઓને સાવધાની રાખવા તેમજ સ્થિતિ પરર કાબૂ મેળવાનો નિર્દેશ આપ્યો છે. પશુપાલન વિભાગના સચિવ ડૉ.બીવીઆરસી પુરુષોત્તમ રુદ્રપ્રયાગ પહોંચી ગયા છે. તેમણે એક્કાઈન ઈન્ફલૂએન્ઝા વાયરસથી પશુઓના મોત થયા હોવાને ઈંકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર અને હરિયાણાથી એક સ્પેશિયલ ટીમ તપાસ કરવા માટે રુદ્રપ્રયાગ આવી રહી છે. ટીમની તપાસ બાદ જ પશુઓના મોતના કારણો સામે આવશે.

# તંત્રી લેખ...

## ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. દરમિયાન, સરહદ પર પરિસ્થિતિ યુદ્ધ જેવી બની ગઈ છે. આ દરમિયાન, પાકિસ્તાનની વિનંતી પર, સંયુક્ત રાષ્ટ્ર પરિષદની બેઠક બોલાવવામાં આવી હતી, જે અનિર્ણિત રહી. અમે આ એટલા માટે કહી રહ્યા છીએ કારણ કે આ બેઠકમાં ન તો કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે ન તો કોઈ પ્રેસ રિલીઝ. અહીં ઉલ્લેખનિય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની વર્તમાન પરિસ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા અહીં બંધ રૂમમાં ચર્ચા કરવામાં આવી હતી. સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી હતી કે બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓ વચ્ચે તણાવ “ઘણા વર્ષોમાં ઉચ્ચતમ સ્તરે” પહોંચી ગયો છે તેના કલાકો પછી ચર્ચા શરૂ થઈ હતી. હાલમાં ૧૫ દેશોની સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય પાકિસ્તાને પરિસ્થિતિ પર “બંધ બારણાની બેઠક” બોલાવવાની વિનંતી કરી હતી.અહીં ઉલ્લેખનિય છે કે, UNSC પ્રમુખે આ બેઠક ૫ મેના રોજ નક્કી કરી હતી.

## પૈસા તો ઘણા કમાયા હશે પણ જો માણસ કમાવવા હોય તો?




વિશેષ
લેખિકા : દર્શના પટેલ
(નેશનલ એથલીટ)
અમદાવાદ

દુનિયાની સૌથી મોટી કળા કઈ છે જેને સૌથી વધારે મહત્વની માનવામાં આવે છે તો વ્યક્તિનો વ્યવહાર. તમારી પાસે લાખો રૂપિયા બ્રાન્ડેડ કીમતી વસ્તુઓ નોકર ચાકર બધું જ હશે પણ જો યોગ્ય વ્યવહાર કરવાની કળા નહીં હોય તો તમારી કિંમત કોળીની થઈ જશે. ડેલી માર્ગ એ કહ્યું છે કે તમારો લોકોની સાથેનો વ્યવહાર કેવો હોવો જોઈએ લોકો તમને સૌથી વધારે કેવી રીતે પસંદ કરે છે નાના મોટા દરેક વ્યક્તિઓ સાથે યોગ્ય વ્યવહાર કરવાની ક્ષમતા તમારા વ્યક્તિત્વને ખૂબ જ આકર્ષક બનાવે છે તમારી સાથે કામ કરતા કે ફેમિલી મેમ્બર સાથે ખૂબ જ આદર અને માન સન્માન થી વાત કરવી કોઈપણ વ્યક્તિને મળો ત્યારે હંમેશા પહેલા પહેલ કરો. નમસ્તે કે હેલ્લો કહીને તમે સામેથી અભિવાદન કરો તો સામેવાળાને ખૂબ જ સહજતા અને જોસનો અનુભવ થશે અને બંને વચ્ચેનું વાતાવરણ હળવું થઈ જશે આત્મવિશ્વાસ માટે જરૂરી નથી કે તમે મોટેથી બોલો બસ સામેવાળી વ્યક્તિના આંખોનો સંપર્ક અને આત્મીયતા હળવી સ્મિત સાથે વાત કરવી કોઈપણ વ્યક્તિ ના મનમાં તમારી સારી ઈમેજ બનાવવા માટે આ વાત ખૂબ જ મહત્વની છે. બીજું કોઈપણ વ્યક્તિની ખૂબ જ ઈમાનદારીથી વખાણ કરવા ફેમિલી હોય આસપાસની કોઈ વ્યક્તિ હોય ઓફિસમાં કે સગા સંબંધી કઈ પણ સારું કામ કર્યું હોય તો ખૂબ જ ઈમાનદારીથી એ વ્યક્તિને પ્રોત્સાહિત કરવા વખાણ કરવામાં જરા પણ કંજૂસાઈ કર્યા વગર લોકોને કામ કરવામાં ઉત્સાહ વધારવો જોશ વધારવો અને એની કમજોરી કે ખામીઓને નજર અંદાજ કરવી કોઈપણ વ્યક્તિને મળો તો એવું વિચારો કે આ વ્યક્તિ મારા કરતાં ઘણો હોશિયાર છે કઈ ને કઈ એના માં મારા કરતાં વધારે સારું છે પોતાની સફળતા ના વખાણ અને હું જ સારો છું એવું વિચારવાનું બંધ કરો પણ સામેની વ્યક્તિમાં શું સારું છે એ જોવાનો પ્રયત્ન કરો અને જે તમને સારું લાગે એની ખૂબ જ ઉદારતા અને ઈમાનદારીથી ખૂબ જ સચ્ચાઈથી દિલ ખોલીને વખાણ કરવા ખરાબ લાગે એવું બોલવાથી કે મેણા ટોળા મારવાથી સામેની વ્યક્તિમાં બદલાવ ક્યારેય નહીં આવે, આપણે જ્યારે ફોન પર કે રૂબરૂ કોઈની સાથે વાત કરીએ છીએ ત્યારે સૌથી વધુ કયો શબ્દ વાપરીએ છીએ મેં આ કર્યું મેં પેલું કર્યું હું આમ છું હું તેમ છું ઉદાહરણ તરીકે તમે કોઈ ગ્રુપ ફોટો પાડો તો એ ફોટામાં તમે સૌથી પહેલા શું જોશો હું ક્યાં છું? તમે બીજાને તમારી તરફ આકર્ષવા ઘણા બધા દેખાડા અને અનુકરણ કરવામાં જિંદગી વેડફી રહ્યા છો બીજાને ઈમ્પ્રેસ કરવામાં સમય લગાડી રહ્યા છો પણ આ કંઈ કામનું નથી કેમકે સામેવાળા ને તમારામાં કે બીજામાં કોઈ રસ નથી સામેવાળાને એના ખુદ માં રસ છે લોકોને મળો ત્યારે ખૂબ જ ઉત્સાહથી વાત કરવી અને ખૂબ જ પ્રેમથી વાત કરવી ફોનમાં હોય કે રૂબરૂ સામેવાળાને એવો અહેસાસ થાય કે તમને એની કેટલી બધી કદર છે બીજામાં સચ્ચાઈ અને ઈમાનદારીથી ખૂબ જ ભાવભર્યા શબ્દોથી વાત કરવી ને સાંભળવી લોકો તમારા દિવાના બની જશે. કોઈપણ જગ્યાએ જાઓ લોકોની વચ્ચે ત્યારે ખૂબ જ હળવાશથી ચહેરા પર સ્મિત રાખો. તમે ગમે તેટલી મોંઘી બ્રાન્ડેડ વસ્તુઓ કે કપડા પહેર્યા હશે પણ ચહેરા પર સ્મિત નહીં હોય તો લોકો તમને પસંદ નહીં કરે ઘણા લોકો જ્યારે કોઈ પાર્ટી કે ફંકશનમાં તૈયાર થઈને જાય છે અને ચહેરા પર કડવાહટ ઘમંડ હોય છે એવા લોકોથી લોકો દૂર રહે છે ચહેરા પર સ્મિત શરીર પર પહેરેલ અમૂલ્ય વસ્તુઓથી પણ વધારે આકર્ષક વ્યક્તિત્વ બનાવે છે સ્મિતથી ઘરમાં ખુશીઓ આવે છે ઓફિસમાં બરકત લાવે છે એટલે જ્યારે પણ કોઈપણ વ્યક્તિને મળો કે વાત કરો હળવી સ્માઈલ સાથે અને આત્મીયતાથી વાત કરવી. સામેવાળાની પસંદ ના પસંદ ને ઓળખવી તમને સેમા રસ છે એના કરતા સામેવાળાની રૂચી અરુચિ વિશે જાણવું એમની ચાહત પસંદ ના પસંદ વિશે વાત કરો જ્યારે પણ કોઈ વ્યક્તિને મળો એને જેમાં રસ છે એના વિશે વાત કરો જે આ સમજે છે એની સાથે હજારો લોકો સાથે હશે અને જે પોતાના વિશે જ વિચારશે એ હજારોમાં પણ એકલતા અનુભવશે તમારા જીવનમાં સૌથી વધારે જે શબ્દ સાંભળવો ગમે છે એ કયો છે? તો એ તમારું નામ છે લોકોના નામ યાદ રાખવા અને એને તેના નામથી બોલાવવા આ એક કળા છે એવું શું કરશો કે લોકો તમને પસંદ કરે જ્યારે પણ કોઈ વ્યક્તિને મળો એમના માં કંઈક સારું શોધો અને દિલ ખોલીને એના વખાણ કરો પૂરી સચ્ચાઈથી જે પણ લોકો તમને મળે છે એ એમની જાતને ખૂબ જ હોશિયાર અને ટેલેન્ટેડ માને છે તમે એમને તમારાથી વધારે બહેતર છે એવો અનુભવ કરાવો એમનું દિલ જીતવા માટે તમારે કોઈને કોઈ નાની વાતથી પણ એમને એમનું ખૂબ જ મહત્વ છે એનો અનુભવ કરાવવો અને આનો સચ્ચાઈથી સ્વીકાર કરો એવો વિચારવું કે મને મળનાર કોઈપણ વ્યક્તિ માં મારા કરતાં કંઈક ને કંઈક વધારે સારું અને બહેતર છે હું દરેક વ્યક્તિમાંથી કંઈક ને કંઈક શીખું છું લોકો ને એમના વિશે વાતો કરશો તો એ કલાકો સુધી સાંભળ્યા કરશે એ ખૂબ જ મહત્વ પૂર્ણ વ્યક્તિ છે એવું ફીલ કરાવવું અને પૂરી ઈમાનદારીથી કોઈ પણ વ્યક્તિના બધાની સામે વખાણ કરવા અને જો કોઈ ભૂલ થઈ હોય તો એકલામાં કહેવી.કોઈ વ્યક્તિ હંમેશા સારું અને ઈમાનદારીથી કામ કરતું હોય અને એનાથી કોઈ ભૂલ થઈ ગઈ હોય તો બધાની સામે એને ભૂલ ના કહેવી પણ એને એકાંતમાં એની ગરીમા ને ઠેસ ન પહોંચે એવી રીતે જણાવવી નાનામાં નાના માણસની પણ ઈજ્જત કરવી વખાણ કરવા વખાણમાં દિલદાર અને પ્રશંસામાં હંમેશા ઉદારતા રાખવી આપણા હાવભાવ શબ્દો ઉર્જાથી કોઈપણ અજાણ્યા વ્યક્તિને પણ પોતાના બનાવી શકાય છે. આટલી વાત જો ધ્યાનમાં રાખશો તો લોકો તમારા દિવાના બની જશે.

**હકીકતમાં શાંતાને મોતિયા પાકતા હતા અને આંખે થોડી ઝાંખપ આવી ગઈ હતી, પણ ટીપાથી કામ ચાલી જતું હતું !**

# ભુવન શાંતા અને મોંઘીનાં જીવનની કાયમ સળગતી સમસ્યા શું હતી ??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શાંતા અને ભુવન નો આવો જ એક પરિવાર હતો! જોકે ચારેય દિકરા દિકરી પોતપોતાના ઘરે પરિવારનું પુરું કરવા જુદે જુદે વસ્યા હતાં અને હવે તો પરિવાર ને નામે બે જણાં જ હતાં, રુપિયા આપવામાં ભગવાને કસર કરી હતી, પણ જીંદગીએ સમજણ બહુ આપી હતી.**

બધી ઋતુઓમાં ઉનાળો આમ તો સૌને પરેશાન કરે! પણ ખાસ કરીને આ ઋતુમાં શ્રમજીવી વર્ગને બહુ પરેશાની થાય. એક તો ઉપર છાપરા તપે અને બીજું આજે ચૂલે શું પકવશું!: એ તાપ! બંને તાપમાં બિચારાની જીંદગી કાયમ સળગતી રહે! ઉપરથી વધતા જતાં પ્રદૂષણને કારણે દર વર્ષે વાવાઝોડાં અને માવઠા થાય એટલે છાપરા ઉડી જાય અને ચૂલો સળગાવવા નાં લાકડા પલળી જાય ! એટલે બાકી બધું સળગે પણ કેમેય કરીને ચૂલો સળગે નહીં. પણ ભારતીય સમાજની આ સચચાઈ ને આપણે બદલી શકવાના નથી! કારણ કે ધનવાન અતિ ધનવાન થતાં જાય છે, અને દિવસ રાત વધતી મોંઘવારી ને કારણે ગરીબ અતિશય ગરીબ! અને એક પેટમાં લાગતી ભૂખ અને બીજી અભાવાની ભૂખ અને તરછોડાયેલા હોવાથી પ્રેમ, હુંફ અને લાગણીની ભૂખ આ બધું એની બુદ્ધિને વિકૃત કરે છે, એટલે સમાજમાં નાના મોટા ક્રાઈમ થયાં જ કરે છે! રાજકીય પ્રવચનોમાં દર વખતે ખૂબ મોટી મોટી વાતો થાય ! અને નેતાઓ કલાક કલાક ગરીબોના બેલી બનવાની ડંફાસો વર્ષોથી મારે છે,પણ ચૂંટાયા પછી હરામ છે, કોઈ એ ગંદી વસ્તી તરફ ફરક્યા હોય! ખેર છોડો, આપણે આપણાથી થાય એટલું કરવું! એ લોકોની મુશ્કેલી આપણે કાયમ માટે દૂર કરી શકવાના નથી! પણ આવા કર્મથી મમતા ની સમતા તરફ ગતિ થશે! અને એ બહુ જરૂરી છે, નહીં તો જીંદગીના અંત સુધી હું અને મારું અથવા મારો પરિવાર ! એ ચકરડા માંથી આપણે બહાર આવી શકીશું નહીં. અત્યારે પણ એવો જ ઉનાળો ચાલે છે, અને આવાં જ એક શ્રમજીવી વર્ગની વાત આજે બુધવારની બોધકથામાં. શાંતા અને ભુવન નો આવો જ એક પરિવાર હતો! જોકે ચારેય દિકરા દિકરી પોતપોતાના ઘરે પરિવારનું પુરું કરવા જુદે જુદે વસ્યા હતાં અને હવે તો પરિવાર ને નામે બે જણાં જ હતાં. રુપિયા આપવામાં ભગવાને કસર કરી હતી, પણ જીંદગીએ સમજણ બહુ આપી હતી, એટલે બેય એકબીજાની ઓથે જીવન પુરું કરતાં હતાં. ભુવન ગુજરાન અર્થે લારી ખેંચતો હતો! એક ઉનાળાની બપોરે આવી જ રીતે લારીમાં સામાન નાખી માલિકના કહેવા અનુસાર એ એડ્રેસ પર સામાન ઠલવવા જતો હતો. રસ્તો ખાડાખબડા વાળો હતો અને લારી પણ ખાસ્સી ભરેલી હતી એટલે માંડમાંડ ખેંચાતી હતી! પણ આજે એક જ વારમાં સારાં રુપિયા મળવાનાં હતાં! એટલે એ રીતે ખુશ હતો. એક જગ્યાએ મોટું ઝાડ આવતા એણે ઘડીક વિસામો લેવા વિચાર્યું અને એ થોડીવાર માટે અટક્યો. ઘટાદાર વૃક્ષ હતું એટલે ઘણો છાંયો હતો, બેસવાથી એને સારું લાગ્યું, સાથે રાખેલી બોટલમાંથી પાણી પીધું અને થાકેલું શરીર હતું એટલે તરત જ ઉંઘ આવવા લાગી! પણ મનમાં ફડકો હતો કે જો સમયસર લારી નહીં પહોંચે અને માલિક પૂરાં રૂપિયા નહીં આપે તો શાંતા ની આંખના ટીપાં અને બીજી દવા કેમ આવશે? એટલે વળી પાછો બળદ જેમ હળે જોતરાયો. હકીકતમાં શાંતાને મોતિયા પાકતા હતા અને આંખે થોડી ઝાંખપ આવી ગઈ હતી, પણ ટીપાથી કામ ચાલી જતું હતું!: મોંઘા મોંઘા ડોક્ટરો આગળ ઓપરેશન કરાવવું પોસાય તેમ નહોતું, અને ટ્રસ્ટ વગેરેના દવાખાનાઓમાં આસપાસના કેટલાય લોકોની આંખ ગઈ હતી, એટલે એને ભરોસો આવતો નહોતો!: મોટા દીકરાએ રૂપિયા મોકલવાનું વચન આપ્યું હતું પણ અંતે તો એય મજૂરી જ કરતો હતો, એટલે ક્યાંથી પહોંચાય! પણ શાંતા જાણતી હતી કે હવે આ ભાભાથી એટલું કામ થતું નથી છતાંય રોજ લારી લઈને મારી માટે દોડે છે, એટલે એનાં ગયા પછી એ પણ નાનું મોટું મળે એવું કામ કરી લેતી! અને હમણાં હમણાંથી એક ગૃહ ઉદ્યોગમાં પાપડ પતરી શરબત અને અથાણાં નું કામ મળ્યું હતું! બપોરે ત્રણ કલાક જવાનું અને રોજના ત્રણ સો રૂપિયા મળતા હતાં! ઉપરથી ક્યારેક ક્યારેક આ બધી પ્રોડક્ટ માંથી કંઈક કંઈક મળતું! એની સાથે કામ કરતી મોંઘી તો આ સામાન ચોરી અને બહાર સસ્તામાં વેચી દેતી એટલે એમ પણ રુપિયા આવતાં! જોકે ખાવાં વાળા પાંચ અને કમાવા વાળી એક એટલે કરે પણ શું? ચાર દિકરી થઈ એટલે દિકરીઓ જાણે પોતાની એકલીની હોય એમ પતિ છોડી ગયો! શાંતા ને આજે મહેનતાણા ઉપરાંત શરબતનો શીશો મળ્યો હતો, અને વિચારતી હતી કે અમે બે માણસ કેટલું શરબત પીશુ! બાકીનું મોંઘીને આપી દઈશ એટલે એનો શીશો વેચીને એ રૂપિયા કમાઈ શકે. જોકે શરબત કંઈ ખરાબ ન થાય અને આગ ઝરતી ગરમીમાં રોજ શરબત પીવા મળે! એ વાતે પણ મન લલચાતુ હતું, પણ એણે શરબત દઈ દેવા માટે મન મક્કમ કર્યું.કારણકે બંનેની ઓરડી એકદમ બાજુમાં હતી! અને કાયમ આ છોકરીઓની મા નાં જૂઠાં દિલાસા એ સાંભળતી હતી. પોતાની પાસે તો એક અઠવાડિયાનાં ૩૦૦ લેખે રુપિયા પણ છે એટલે આ રવિવારે કેરી લાવીને ભાભા ને રસ રોટલી જમાડશે, એમ પણ વિચાર્યું. ગયા વર્ષે ક્યાંક કોઈની તિથિ પાછળ ગરીબોની વસ્તીમાં રસ પૂરી ના ફૂડ પેકેટ આવેલા પણ એ ખાઈને ભાભાની તબિયત લથડી ગઈ હતી! એટલે આ વખતે કેરી લાવીને ઘરે જ રસ બનાવશે! એમ નક્કી કરી શાંતા મનોમન રાજી થતી હતી. મોંઘી પોતાનો શરબતનો શીશો વેચીને એમાંથી છોકરીઓ માટે તરબૂચ લાવી! આ તરબૂચ ખાઈને નાની દીકરીને ઝાડા ઉલટી થઈ ગયા!: તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવી પડી. મોંઘી પ્રમાણમાં નાની હતી એટલે શાંતા અને ભુવન પણ સાથે ગયા હતાં! ડોક્ટરે દવા અને બાટલાનું લાંબુ લીસ્ટ આપ્યો મોંઘી તો પોતાના લમણે હાથ દઈને બેસી ગઈ કે ડોક્ટર અને દવાનાં ૫૦૦૦ રૂપિયા ક્યાંથી કાઢશે? ડોક્ટર વિશે સાંભળ્યું હતું કે ઉદાર છે, અને ગરીબોની તપાસ ફી નથી લેતા! પણ તોય દવાનાં તો થશે જ! ભુવન એ પોતાની પાસેના રુપિયા માંથી શાંતા નાં ટીપાં ના રાખી ૧૫૦૦ કાઢીને મોંઘીને કહ્યું દવાનાં રુપિયા છે, તું ચિંતા ન કરતી! રાત્રે ફરી દવાનું રિયેક્શન આવતાં દવા બદલાવી અને આ વખતે શાંતા એ ૨૦૦૦ રુપિયા આપ્યાં! દિકરી તો લેણિયાત હોય એટલે બચી ગઈ! પણ ભુવન શાંતા અને મોંઘી ત્રણેયની બચત ખાલી થઈ ગઈ! અને દર વર્ષ જેમ પેલું રસ રોટલી નું સ્વપ્ન તો એમનેમ જ રહી ગયું! મોંઘી વિચારતી હતી કે ચોરી કરી એટલે આમ થયું! જ્યારે શાંતા વિચારતી હતી કે હવે મોંઘી ની જેમ એય ચોરી કરશે... બસ આમ જ ભુવન શાંતા અને મોંઘી જેવાં કેટલાંય શ્રમજીવી ઓ કેરી કે કેરીના રસ વગર ઉનાળા કાઢી નાખે છે! અને પછી અભાવાની ભૂખ એને ક્રાઈમ કરવા પ્રેરે છે! જેની આપણે એસી માં રહેવા વાળા નોંધ પણ લેતાં નથી,બસ એની પર ખાલી આપણે તો વિશ્લેષણ કરી શકીએ! પચાસ ઉપરના મારી જેવા ઘણા દંપતિ હશે જેના દીકરા દીકરી વિદેશ સેટ થયાં છે, અને સારું કમાય પણ છે, તો મમતા નું વર્તુળ મોટું કરીને ધારીએ તો થોડું થોડું કરી શકીએ એમ છીએ! અને કરવું જરૂરી છે! નહીં તો ક્યારેય સમાજમાંથી ક્રાઈમ ઓછાં નહીં થાય!

**ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે, મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે, પરીક્ષિત કહે છે પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે**

# શિવભક્તિની તાકાતથી, રાવણે હિમાલય ઊંચો કર્યો હતો, પરંતુ અભિમાનમાં તો અંગદનો પગ પણ ન હલાવી શક્યો




વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્મા કોઈ દિવસ જોતા નથી કે મારા માટે શું લાવ્યો છે,પણ જુએ છે કે, કેવા ભાવથી લાવ્યો છે, વસ્તુને જુએ એ જીવ અને કેવળ ભાવને જુએ તે ઈશ્વર, મધુ મંગલ છાશ લઇને આવ્યો છે પણ તે છાશ શ્રીકૃષ્ણને આપતાં તેને સંકોચ થયો, એટલે મધુમંગલ તે છાશ પોતે જ પી જવા લાગ્યો, શ્રીકૃષ્ણની નજર મધુમંગલ પર પડી, એથ મધુમંગલ! તારી બાએ છાશ મારા માટે આપી છે, તું એકલો એકલો છાશ પી જાય છે? છાશ મને આપ! પણ મધુ મંગલ સાંભળતો નથી, મધુ મંગલ ઉતાવળથી છાશ પીવા લાગ્યો.**

વરસાદી વાવાઝોડા કરાના માહોલ વચ્ચે ગરમી ઉકળાટથી થોડી રાહત ચોક્કસ મળી છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંત અને વસંતની અનોખી સમાનતા છે, જ્યારે વસંત આવે છે ત્યારે પ્રકૃતિ સુધરી જાય છે.અને જ્યારે સંત આવે છે ત્યારે સંસ્કૃતિ સુધરી જાય છે...!!સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.. વસંત જો પ્રકૃતિમાં ન હોત તો ચોતરફ આફટ રણ સિવાય કંઈ જ ન હોત.આજે સંસ્કૃતિ અને પ્રકૃતિ બંને સામે ખતરો ઉભો થયો છે.ક્યાંક સંત અને વસંત કળિયુગ સિમેન્ટ કોંક્રિટના પ્રદુષણના છાયામાં આવ્યા છે. ત્યારે પરીવાર કુટુંબો સમાજ સંપ્રદાયોએ જાગૃત બનવું પડશે નહિતર સંસ્કૃતિ પ્રકૃતિ સંત અને વસંત વગર લુપ્ત પામશે તેના માટે આપણે માનવ જીવ જ જવાબ દાર હોઈશું. જાગો હજુ સમય છે આજે કેટલાક દિવસોથી બફરા ઉકળાટ ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા બાદ પાકિસ્તાન તરફ બદલાયેલ હવામાનને લીધે મેઘરાજાની પધરામણી થઈ દશમી મે સુધી વરસાદી માહોલ રહેશે. યુદ્ધ મોકડીલની વાર્તા વચ્ચે દિવસો પસાર થઈ રહ્યા છે. સંસાર માંયે નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન નાનપણથી જ નથી કોણ કોને કહે.કુટુંબ પરિવાર સમાજ સંપ્રદાયમાં સાચા સંતો હતા જે ચાબખા મારી સંસ્કાર થકી સંસ્કૃતિનું જતન કરતા હતા. આજે જ્ઞાતિવાદની જેમ સંત એટલે લાલ ભગવા લીલા કાળા સફેદ વસ્ત્રો અને અલગ અલગ પ્રકારની માળા જટા મુંડન કે મૂછ વિકરાળ દેખાવ કરી તમારી વચ્ચે મોંઘી ગાડી રહેણાંક મકાનમાં રહી જલસા કરતો હોય તે આત્માના આ ભ્રામક ખ્યાલ છે. તમારા પરિવાર કુટુંબ સમાજ સંપ્રદાયમાં કડવા ઘૂંટ પીને તમારા સંસ્કાર સંસ્કૃતિ અને જીવમાત્રને બચાવવા ઝઝૂમતો હોય તેવો આત્મા માણસ એટલે સંત. ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે.મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે છે પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે.ઈશ્વર જીવ ને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે,જીવનોમોહ છૂટે છે.અરે!ઈશ્વર આપવા બેસે છે ત્યારે બે હાથ વાળો લેતાં થાકી જાય છે. ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે યજ્ઞમાં આવાહન કરવા છતાં પણ ઘણીવાર પરમેશ્વર ભોજન કરતા નથી,ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પરમાત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે.ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવી એ જ ભક્તિ છે,એજ શુદ્ધ ભાવ છે.ગોપ બાળક કનૈયાને કહે છેકે, લાલા,આ જલેબી હું તારા માટે લાવ્યો છું.કનૈયો જવાબ આપે છે કે, હું એકલો નહીં ખાઉં. થોડું તું સર્વને આપ.આમ કનૈયો થોડામાં થી પણ બધાને થોડું અપાવે છે. આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે. જીવ જ્યારે સર્વસ્વ છોડી પરમાત્મા સાથે પ્રેમ કરે છે, પોતાનું અભિમાન છોડે છે, જીવ જ્યારે જીવપણું ભૂલે છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હું પણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી,હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ. શુકદેવજી કહે છે કે, આ ભોજન વેળા ભગવાનની છટા જોવાજેવી હતી.તેઓએ કમરની ભેટમાં વાંસળી ખોસેલી હતી. શૃંગ અને લાકડી બગલમાં દબાવ્યા હતાં. ડાબા હાથમાં ઘીવાળો દહીં-ભાત નો મધુર કોળિયો હતો અને આંગળીઓમાં ખાવાલાયક ફળો નાં અથાણાં દબાવી રાખ્યાં હતાં. ગોપબાળકો તેની ચારે તરફ ઘેરી ને બેઠાં હતાં અને તેઓ જાતે બધાં ની વચમાં બેસીને પોતાની વિનોદ ભરી વાતોથી પોતાના સાથી ગોપ બાળકોની સાથે આ પ્રકારે બાળ લીલા કરતા ભોજન કરી રહ્યા હતા સ્વર્ગના દેવતાઓ આશ્ચર્ય ચકિત થઈને આ અદ્ભુત લીલા જોઈ રહ્યા હતા. મનથી આ લીલાનાં દર્શન કરો. વૃંદાવન છે યમુના કિનારો છે વૃક્ષો ફળથી નમી ગયાં છે. ભગવાન ગ્વાલમિત્રો સાથે ભોજન કરવા બેઠા છે.આવી ભાવના તો કરો! ભાવનાના આ વૃંદાવનમાં તમને ઠાકોરજીના ચરણનું શરણ પ્રાપ્ત થશે,ભાવના થી ભક્તિ ફળે છે. ખાવુંએ પાપ નથી પણ ભગવાન ને ભૂલી જઈને ખાય, ભગવતા ર્પણ કર્યા વગર ખાય એ પાપ છે અઘાસુરને ભગવાને મોક્ષ આપ્યો તેથી બ્રહ્માજી વિસ્મય પામ્યા. તેમને એ ગમ્યું નહીં તેથી જોવા આવ્યા કે, આ કનૈયો છે કોણ જે આવા પાપીનો મોક્ષ કરી દે છે?બ્રાહ્માજી જયારે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ગોપ બાળકો સાથે ભોજન કરી રહ્યા હતા. આ વ્રજ બાળકોમાં એક બ્રાહ્મણ નો છોકરો પણ આવતો હતો. તેનું નામ મધુમંગલ.મધુમંગલ શાંડિલ્ય ઋષિનો પુત્ર છે. યશોદાજીએ શાડિલ્ય ઋષિને કહેલું કે, તમારા બાળક ને રોજ મારા ઘરે જમવા મોકલજો એટલે મધુ મંગલ રોજ જમવા આવે છે. યશોદાજી તેને પ્રેમથી જમાડે છે. આજે કનૈયો મધુમંગલની પાછળ પડયો.તું રોજ અમારા ઘરનું ખાય છે.મને કોઈ દિવસ તારા ઘરનું ખવડાવતો નથી. મારે આજે તારા ઘરનું ખાવું છે. મધુમંગલ દોડતો મા પાસે આવ્યો છે.માનું નામ પૂર્ણમાસી. મધુમંગલ માને કહે છે,આજે લાલાને આપણા ઘરનું ખાવું છે.જેબનાવ્યું હોય તે આપ. પૂર્ણમાસીને આનંદ થયો,પણ ઘરમાં કાંઈ રસોઈ બનાવી નથી. શાંડિલ્યઋષિ સવારમાં બ્રાહ્મ મુહૂર્ત માં ઊઠતા,પણ રાત્રે આઠ વાગે તેનું નિત્યકર્મ પૂરું થાય, પ્રાતઃ સંધ્યા ગાયત્રીની ચોવીસમાળા, પંચાયતન દેવીની પૂજા, પંચદેવોને અભિષેક, વિશ્વ દેવ યજ્ઞ-હોમ.તે પછી મધ્યાહન સંધ્યા તે પછી વિષ્ણુ સહસ્ત્રનો પાઠ, ભાગવત નો પાઠ, તે પછી એકવીસ હજાર ભગવાન ના નામ જપ. ત્યાં તો સાંજ પડી જાય. જમવાનો સમય જ ક્યાં મળે? એવા તપસ્વી બ્રાહ્મણને ખાવાની ફુરસદ નથી, એટલે રાત્રે એક વખત ફળાહાર કરતા. આવા પવિત્ર બ્રાહ્મણના ઘરનું ખાવાની શ્રીકૃષ્ણે ઈચ્છા કરી હતી. એક વખત ભજનમાં આનંદ મળી જાય તો સંસારનો આનંદ ફિક્કો લાગે છે.બ્રાહ્મણનો અવતાર તપ માટે છે. બ્રાહ્મણ વિલાસમાં પડે એ ભગવાનને ગમતું નથી. વૈશ્ય અને ક્ષત્રિય વિલાસમાં પડે તો થોડું યે ક્ષમ્ય છે. બ્રાહ્મણ માટે ક્ષમ્ય નથી. શાંડિલ્ય ઋષિ અને તેમનાં પત્ની તપસ્વી હતાં. પૂર્ણમાસી પતિમાં પરમેશ્વરની ભાવના રાખતાં.પતિ ભોજન ન કરે એટલે પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે કે ભોજન ન કરવું,એટલે પૂર્ણ માસી પણ ફળાહારથી ચલાવી લે. ઘરમાં એક છોકરો હતો.તે નંદ બાબા ને ઘરે જમવા જાય એટલે ઘરમાં કાંઈ રસોઈ થાય નહીં. જીવનમાં જરૂરિયાત જેમ ઓછી કરશો તેમ પાપ ઘટશે.ભોગ વધશે તો પાપ વધશે.ભોગ ઘટશે તો પાપ ઘટશે.આદત અને હાજતને વધારશો નહીં તો જ સુખી થશો. આ'જોઈએ'નો અંત આવતો નથી આ જોઈએ એમ કહો છો, પણ ભગવાન જોઈએ એમ કહોને, તો બધું 'જોઈએ' એમાં સમાઈ જશે. પૂર્ણમાસી મધુમંગલને કહે છે, બેટા ઘરમાં કંઈ નથી. કનૈયાને માટે હું શું આપું?તપસ્વી બ્રાહ્મણ અજાચક વ્રત-કોઈની પાસે કશું માગવું નહીં.અપરિગ્રહ વ્રત- એટલે કશું સંઘરવું નહીં.ઘરમાં કાંઈ નથી,પણ મધુ મંગલ કહે છે મા,મને કંઈક આપ! પૂર્ણમાસી ઘરમાં કંઈક હોય તો તે શોધવા લાગ્યાં.ઘરમાંથી થોડી છાશ મળી તે છાશ મટકીમાં ભરી આપી. પરમાત્મા કોઈ દિવસ જોતા નથી કે મારા માટે શું લાવ્યો છે, પણ જુએ છે કે, કેવા ભાવથી લાવ્યો છે. વસ્તુને જુએ એ જીવ અને કેવળ ભાવને જુએ તે ઈશ્વર. મધુ મંગલ છાશ લઈને આવ્યો છે પણ તે છાશ શ્રીકૃષ્ણને આપતાં તેને સંકોચ થયો. એટલે મધુમંગલ તે છાશ પોતે જ પી જવા લાગ્યો. શ્રીકૃષ્ણની નજર મધુમંગલ પર પડી. એથ મધુમંગલ! તારી બાએ છાશ મારા માટે આપી છે.તું એકલો એકલો છાશ પી જાય છે?છાશ મને આપ! પણ મધુ મંગલ સાંભળતો નથી.મધુ મંગલ ઉતાવળથી છાશ પીવા લાગ્યો. કનૈયો દોડતો આવ્યો.મધુ મંગલે એકદમ મોંમાં હાંડલી ખાલી કરી, પણ મોઢામાં થી છાશનો રેલો નીકળ્યો. કનૈયો તેનું મોઢું ચાટવા લાગ્યો. ભગવાન શ્રીકૃષ્ણ મધુ મંગલનું મોઢું ચાટતા હતા તે વખતે બ્રહ્માજી આકાશમાંથી આવ્યા. કનૈયો મધુમંગલને કહે છે કે,તારી એંઠી છાશ મળે તો મારી બુદ્ધિ સુધરે.તારા પિતા બ્રાહ્મણ છે, તપસ્વી છે. શ્રીકૃષ્ણ બાળક સાથે ભોગી છે, યોગી સાથે યોગી,જ્ઞાની સાથે જ્ઞાની અને ભોગી સાથે ભોગી છે. બાળક બ્રહ્મજ્ઞાનની વાતો કરે કે બ્રહ્મ સત્ય હૈ, જગત મિથ્યા હૈ, તો તેઓ કાંઈ સમજે નહીં. બાળકોને આવી વાત ગમે નહીં. એટલે માખણ નિમિત્તથી ભગવાન ગોપ બાળકોનું મન હરે છે. તેમના મિત્ર બને છે અને અનાયાસે તેઓ ને બ્રહ્માનુભવ કરાવે છે. શ્રીકૃષ્ણને મધુ મંગલના મોઢા પરની છાશ ચાટતા જોઈ બ્રહ્મા જીને આશ્ચર્ય થયુંકે,આ ભગવાન છેકે કોણ છે? આ તો ગોપબાળકો નાં મોઢાં ચાટે છે. આ કંઈ ઈશ્વર હોઈ શકે?ઈશ્વરનાં લક્ષણ આવાં હોય? બ્રહ્માને શંકા થાય છે.આ જ બ્રહ્મા ક્ષીરસાગરમાં ભગવાનને અવતાર લેવાનું કહેવા ગયા હતા. પ્રભુ દેવકીજીના ગર્ભમાં આવ્યા ત્યારે આ જ બ્રહ્માજી ગર્ભસ્તુતિ કરવા ગયા હતા. આવા બ્રહ્માજી પણ શ્રીકૃષ્ણની સગુણ લીલા જોઈ મોહમાં પડી ગયા. નિર્ગુણ બ્રહ્મનો પાર પામવો શક્ય છે, પણ સગુણ બ્રહ્મની લીલાનો પાર પામવો મુશ્કેલ છે એવું તુલસી દાસજી કહે છે તે બિલકુલ સત્ય છે. સગુણ બ્રહ્મની અટપટી લી જોતાં બ્રહ્મા ને મોહ થાય,તો સામાન્ય માનવીને મોહ થાય તેમાં શું આશ્ચર્ય?બ્રહ્માજીએ વિચાર્યું કે,શ્રીકૃષ્ણ ઈશ્વર કે સાધારણ દેવ છે,તેની આજે પરીક્ષા કરું.મારા જેવી સૃષ્ટિ બનાવતાં આવડશે તો માનીશ કે આ શ્રીકૃષ્ણ ઈશ્વર છે. વાહ રે, આ તો વિદ્યાર્થી ગુરુજીની પરીક્ષા લેવા માગે છે!એટલે બ્રહ્માજી વાછરડાંને માયાથી ઊઠાવી બ્રહ્મ લોકમાં ગયા. બાળકો કનૈયાને કહે છે,કનૈયા, આપણાં વાછરડાં દેખાતાં નથી. શ્રીકૃષ્ણે કહ્યું, તમે તમારે ભોજન કરો. હું વાછરડાંને લઈ આવીશ. શ્રીકૃષ્ણ વાછરડાંઓને શોધવા જાય છે. તે જ વખતે બ્રહ્મા બાળકોને ઊઠાવી બ્રહ્મલોકમાં લઈ ગયા. આ કથા પાછળ બીજું પણ થોડુંક રહસ્ય છે. ભગવાન સામે દૃષ્ટિ રાખી, શ્રીકૃષ્ણમાં દૃષ્ટિ રાખી બાળકો ભોજન કરતાં હતાં ત્યાં સુધી આનંદ હતો,પરંતુ તેઓ વાછરડાંની ચિંતા કરવા લાગ્યાં. તેઓની વાછરડાં તરફ દૃષ્ટિ ગઈ કે બ્રહ્માએ તેઓને ઊંચકીને બ્રહ્મલોકમાં મૂક્યાં.ગોપ બાળકો કાળને આધીન થયાં,બ્રહ્માની માયાને આધીન થયાં. બ્રહ્માએ કાળનું રૂપ છે.સંસારના વિષયોમાં નજર જાય તો બ્રહ્મરૂપી કાળ જીવને પકડી શકે છે. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત આજે વરસાદી માવઠાના મહોલ વચ્ચે યુદ્ધની મોકડીલ કરવાની મને કમને ફરજ પડશે..જે થાય તે મૌની બાબા બની જોએ જાઓ આપણું કંઈ ચાલવાનું નથી.. કારણકે લોકશાહી છે ને? લોકસેવકો બધી રીતે બહુ મજબુત અને કડક બન્યા છે.. તેમના ભક્તો તો વાતે કરવા જઈ તો એટલા બધા ગુસ્સે થાય કે તેમની બધી સંપતિ આપણે જ લૂંટી લીધી હોય? તમનેય અનુભવ થાતો જ હશે પણ કરે ઈ ભરશે.. બાકી તો છેલ્લે જય શ્રી રામ..અસ્તુ.

# સતત પછડાટ છતા અક્ષય કુમાર મક્કમ, સાઉથ બ્લોકબસ્ટરની રિમેકમાં કામ કરશે

અક્ષય કુમાર એ બોલિવૂડ અભિનેતા છે જેમણે સાઉથની રિમેક દ્વારા બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી, રિમેકમાં તેમનું નસીબ બહુ સારું નથી રહ્યું. બચ્ચન પાંડે, સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી એવી ફિલ્મો છે જે રિમેક છે પરંતુ તે બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન કરી છે. હવે અક્ષય કુમાર વિશે સમાચાર આવી રહ્યા છે કે તેમની આગામી ફિલ્મ દક્ષિણની બ્લોકબસ્ટર ફિલ્મની રિમેક હોઈ શકે છે. પરંતુ આ ફિલ્મમાં અભિનેતાએ કરેલો અભિનય અદ્ભુત અને અજોડ છે. અક્ષય કુમાર આવી રીતે અભિનય કરી શકશે કે નહીં તે તો સમય જ કહેશેઅક્ષય કુમાર ફરી એકવાર દક્ષિણની સુપર હિટ ફિલ્મના રિમેકમાં જોવા મળશે. તાજેતરમાં જ સમાચાર આવ્યા છે કે અક્ષય મલયાલમ બ્લોકબસ્ટર ફિલ્મ ઓપ્પમ (૨૦૧૬) ની હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન સાથે કામ કરશે. આ પ્રોજેક્ટનું દિગ્દર્શન પ્રિયદર્શન કરશે, જેમણે મૂળ ફિલ્મનું પણ દિગ્દર્શન કર્યું હતું. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મો જેમ કે સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ છે. ઓપ્પમ એક થ્રિલર ડ્રામા ફિલ્મ છે જેમાં મોહનલાલ જયરામન તરીકે અભિનય કરે છે, જે એક દૃષ્ટિહીન માણસ જે પોતાની અસાધારણ ઈન્દ્રિયો (ગંધ, શ્રવણ અને સ્પર્શ) નો ઉપયોગ કરીને એક રહસ્ય ઉકેલે છે. ફિલ્મમાં, જયરામન એક નિવૃત્ત જજની પુત્રીને એક ગુનેગારથી બચાવવાનો પ્રયાસ કરે છે જેને જજે સજા ફટકારી હતી. આ હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન મુખ્ય ભૂમિકામાં અને અક્ષય કુમાર ખલનાયક તરીકે જોવા મળશે, જે તેની કારકિર્દીમાં એક નવો અને રોમાંચક વળાંક છે. અહેવાલો અનુસાર, સૈફ આ ભૂમિકા માટે કલારીપયટ્ટુ (પરંપરાગત માર્શલ આર્ટ) શીખી રહ્યો છે જેથી તે જયરામનની તીવ્રતાને પડદા પર બહાર લાવી શકે.આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ ૨૦૨૫માં શરૂ થશે અને તે ૨૦૨૬ ના બીજા ભાગમાં રિલીઝ થવાની યોજના છે. જોકે, અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મોની નિષ્ફળતાએ ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે. સરફિરા (સૂરરાય પોટ્રુ), સેલ્ફી (ડ્રાઈવિંગ લાઈસન્સ) અને બચ્ચન પાંડે (જીગરથંડા) જેવી ફિલ્મો દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગઈ.


આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટમાં શરૂ થશે




# નવીન બાબુ ઘંટા(નાની)ની ફિલ્મે ત્રણ દિવસમાં બજેટ કરતા વધુ કમાઈ લીધા

આ અઠવાડિયે, જ્યારે અજય દેવગણની ફિલ્મ રેડ ૨ બોલીવુડમાં રિલીઝ થઈ હતી, ત્યારે દક્ષિણ ભારતમાં એક સાથે બે શાનદાર ફિલ્મો રિલીઝ થઈ હતી, જેનાથી લોકોનો આ અઠવાડિયું જીવંત બની ગયું હતું. સાઉથ સ્ટાર નાનીની ફિલ્મ હિટ ૩ માત્ર ત્રણ દિવસમાં જ ખૂબ જ સફળ થઈ ગઈ છે. તે જ સમયે, દક્ષિણ સુપરસ્ટાર સૂર્યાની ફિલ્મ રેટ્રો પણ સ્પર્ધામાં છે. ચાહકો ઘણા સમયથી બંને ફિલ્મોની રાહ જોઈ રહ્યા હતા. કમાણીની વાત કરીએ તો, નાનીની હિટ ૩ એ પહેલા ત્રણ દિવસમાં સૂર્યાની રેટ્રોને પાછળ છોડી દીધી છે. બંને ફિલ્મોના શરૂઆતના પ્રદર્શનને જોતાં, એ સ્પષ્ટ થાય છે કે હિટ ૩ એ કમાણીની દોડમાં રેટ્રોને હરાવી દીધી છે.હિટ ૩ વિશે વાત કરીએ તો, આ હિટ ફ્રેન્ચાઈઝીનો ત્રીજો ભાગ છે. આમાં નાની એક પોલીસ અધિકારીના રોલમાં ખૂબ જ સુંદર લાગી રહ્યો છે અને ફિલ્મમાં જબરદસ્ત એક્શનને લોકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. આ ફિલ્મે શરૂઆતના દિવસે ૨૦ કરોડની કમાણી કરી હતી અને સંકેત આપ્યો હતો કે આ વખતે નાનીની સરકાર આવશે. માત્ર ૬૦ કરોડના બજેટમાં બનેલી, હિટ ૩ એ માત્ર ત્રણ દિવસમાં તેના બજેટ કરતાં વધુ કમાણી કરીને નિર્માતાઓને ખુશ કર્યા છે. જો આપણે રેટ્રો વિશે વાત કરીએ, તો નિર્માતાઓ નિરાશ થઈ શકે છે. એકંદરે, નાનીની આ શાનદાર ફિલ્મે ત્રણ દિવસમાં ૮૨ કરોડથી વધુ કમાણી કરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે.તે જ સમયે, સૂર્યા મુખ્ય ભૂમિકામાં અભિનીત રેટ્રોએ કમાણીના સંદર્ભમાં નિર્માતાઓને ચોક્કસપણે નિરાશ કર્યા છે. આ ફિલ્મ ૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. કાર્તિક સુબ્બારાવ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મથી દક્ષિણ ઉદ્યોગને ઘણી અપેક્ષાઓ હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે રવિવાર હોવાથી ફિલ્મની કમાણીમાં મોટો ઉછાળો આવશે, પરંતુ રવિવારે પણ ફિલ્મે ખાસ કમાણી કરી ન હતી. રવિવારે રેટ્રોએ સ્થાનિક સ્તરે ૮ કરોડની કમાણી કરી છે જે નિર્માતાઓની અપેક્ષાઓ પર ખરી ઉતરી નથી. અત્યાર સુધી રેટ્રોનું કુલ કલેક્શન ૪૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ ફિલ્મ ૬૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી હતી અને તેથી તેને સફળ થવા માટે ઘણી વધુ કમાણી કરવી પડશે.





કમાણીની વાત કરીએ તો, નાનીની હિટ ૩ એ પહેલા ત્રણ દિવસમાં સૂર્યાની રેટ્રોને પાછળ છોડી દીધી છે

### મારી મરજી હું ગમે તેવી દેખાઉં'

# બોડી શેમિંગ કરનારા પર ભડકી

## ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરાયો હતો

બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં સના મકબૂલે બોડી શેમિંગ વિશે વાત કરી છે. સના મકબૂલે એ ટ્રોલ્સને જવાબ આપ્યો છે જેઓ અભિનેત્રીને તેના વધેલા વજનને લઈને સવાલ કરી રહ્યા હતા. એક્ટ્રેસે વીડિયોમાં શેર કર્યું કે, 'કદાચ લોકોને ખબર નથી કે હું કેવા સમયમાંથી પસાર થઈ રહી છું.'સનાએ વીડિયોમાં કહ્યું કે, 'નમસ્તે મિત્રો, તમારામાંથી ઘણાં મને કહે છે કે, 'મારું વજન વધી ગયું છે. ગાલ ફૂલી ગયા છે. સાચું કહું તો પહેલા આનાથી ફરક પડતો હતો પણ હવે નથી પડતો. આ મારું શરીર છે. હું કેવી દેખાઉં છું તે મારી પસંદગી છે. મને લાગે છે કે, હું ખૂબ જ સુંદર દેખાઉં છું.' મારી મરજી હું ગમે તેવી દેખાઉં' બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો સનાએ તેની સ્થિતિ અંગે સંકેત આપતા કહ્યું કે, 'કોઈનું બોડી શેમિંગ કરતા પહેલા તેમના વિશે જાણો. કદાચ તે કોઈક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હશે અથવા કોઈ આરોગ્ય સંબંધિત કારણ હોઈ શકે છે. ગમે તે થાય. તમને ખબર નથી તો આવીને સવાલો નહીં કરો.'




# બેબી બમ્પ સાથે કિયારાનું મેટ ગાલામાં રેમ્પ વોક

## કિયારા અડવાણી બેબી બમ્પ સાથે કાર્પેટ પર ચાલનારી પહેલી ભારતીય અભિનેત્રી બની

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણીએ મેટ ગાલા ૨૦૨૫માં એક આકર્ષક શરૂઆત કરી. આ વર્ષે, થીમ સુપરફાઈનઃ બ્લેક સ્ટાઈલનું ટેલરિંગ છે. ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઈન કરાયેલ આ અભિનેત્રીએ ફેશનના સૌથી મોટા વૈશ્વિક મંચ પર ભારતીય શ્રેષ્ઠતાનું પ્રદર્શન કર્યું. એક ઐતિહાસિક ક્ષણમાં, તે મેટ ગાલા કાર્પેટ પર તેના બેબી બમ્પ સાથે શણગારેલી પ્રથમ ભારતીય અભિનેત્રી બની, જેનાથી તેના પ્રતિષ્ઠિત દેખાવમાં ઊંડાણ અને પ્રતીકવાદ ઉમેરાયો. પ્રખ્યાત ભારતીય ડિઝાઈનર દ્વારા કસ્ટમ કોચર રચનામાં સજ્જ, કિયારાના લુકે તેના સાંસ્કૃતિક મૂળ અને તેના ઉત્ક્રાંતિની ઉજવણી કરી.તેમનું પોશાક, બ્રેવહાર્ટ્સ શીર્ષક, સ્ત્રીત્વ, વંશ અને પરિવર્તનને શ્રદ્ધાંજલિ હતું. આ ગાઉનમાં ઘૂંઘરુ અને સ્ફટિકોથી શણગારેલું પ્રાચીન સોનાનું બ્રેસ્ટપ્લેટ હતું. બે પ્રતીકાત્મક સ્વરૂપો, મધર હાર્ટ અને બેબી હાર્ટ, એક સાંકળ નાળ દ્વારા જોડાયેલા હતા, જે દૃષ્ટિની રીતે માતૃત્વના બંધનનું વર્ણન કરે છે. આ દેખાવમાં સુપ્રસિદ્ધ ફેશન એડિટર અને બ્લેક આઈકોન સ્વર્ગસ્થ આન્દ્રે લિયોન ટેલીને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જે એક નાટકીય ડબલ-પેનલવાળા કેપ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું - જે તેમના પ્રતિષ્ઠિત સિલુએટ્સ અને ફેશન જગત પરના પ્રભાવને દર્શાવે છે. ભારતીય કારીગરીને વૈશ્વિક પ્રતીકવાદ સાથે મિશ્રિત કરીને, કિયારાનો દેખાવ એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ અને એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ અને એક શક્તિશાળી સાંસ્કૃતિક નિવેદન બંને હતો. મેટ ગાલામાં ઘણા બોલિવૂડ સેલેબ્સ પોતાનો જલસો બતાવતા જોવા મળશે. સિદ્ધાર્થ પણ તેની પત્નીને ટેકો આપવા માટે ન્યૂયોર્ક પહોંચી ગયો છે.






શોલેના આ અભિનેતા તેમના આકર્ષણ, મજબૂત શરીર અને રમૂજની ઉત્તમ ભાવના માટે પ્રશંસનીય

# ધર્મેન્દ્રને ગંદી મજાકની ખુબ ટેવ હતી : અભિનેત્રી શર્મિલા ટાગોર

ધર્મેન્દ્ર ભારતીય સિનેમાના સૌથી સુંદર સ્ટાર્સમાંના એક તરીકે જાણીતા છે. શોલેના આ અભિનેતા તેમના આકર્ષણ, મજબૂત શરીર અને રમૂજની ઉત્તમ ભાવના માટે પ્રશંસનીય છે. 'ચુપકે ચુપકે'માં તેમની સાથે કામ કરનારી અભિનેત્રી શર્મિલા ટાગોરે એકવાર તેમના રમતિયાળ સ્વભાવ વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તે મનોજ બાજપેયી સાથે 'ધ કપિલ શર્મા શો'માં જોવા મળી હતી. તેમણે સેટ પર ધર્મેન્દ્રની રમૂજની ભાવના વિશે જણાવ્યું.આ એપિસોડમાં, કપિલે પીઢ અભિનેત્રીને તેના સહ-કલાકારો વિશે વાત કરવા કહ્યું. 'અમર પ્રેમ' ની અભિનેત્રીએ ધર્મેન્દ્રના રમૂજની પ્રશંસા કરી. તેમણે શેર કર્યું કે તેમની સાથે કામ કરવાની ખૂબ મજા આવી, અને શશિ કપૂર સાથે પણ સારા અનુભવો થયા. શર્મિલાએ એ પણ ખુલાસો કર્યો કે ધર્મેન્દ્ર ખૂબ જ રમુજી છે. "તે ખૂબ જ દયાળુ પણ છે," તેણે કહ્યું. પણ તે ખૂબ જ ગંદા મજાક કહેતા. એ ખરેખર ખરાબ મજાક હતી. પણ તેની સાથે કામ કરવાની ખૂબ મજા આવી.'અમર પ્રેમ'માં રાજેશ ખન્ના સાથે શર્મિલા ટાગોરની જોડી દર્શકોને ખૂબ ગમી હતી, પરંતુ અભિનેત્રીએ ખુલાસો કર્યો કે કાકા તેના મનપસંદ સહ-કલાકાર નહોતા. એ જ ઈન્ટરવ્યુમાં, શર્મિલાએ સંજીવ કુમારને પોતાનો પ્રિય ગણાવ્યો. તેને યાદ આવ્યું કે તેણે એક જ દિવસમાં બે શિફ્ટમાં તેની સાથે કામ કર્યું હતું. સવારે 'ફરાર'નું શૂટિંગ અને સાંજે 'મૌસમ'નું શૂટિંગ. તેમણે સંજીવ કુમારને એક અદ્ભુત વ્યક્તિ ગણાવ્યા અને તેમના અકાળ અવસાન પર શોક વ્યક્ત કર્યો. જ્યારે શર્મિલાને એવા કલાકારો વિશે પૂછવામાં આવ્યું જે નૃત્ય કરવામાં ખચકાટ અનુભવે છે, ત્યારે તેણે મજાકમાં સંજીવ કુમારને ડરપોક કલાકાર કહ્યા.



# 'રેડ ૨' ૧૦૦ કરોડ બનવામાં માત્ર થોડા કદમ પાછળ

## ચોથા દિવસે ૨૧.૫૦ કરોડ રૂપિયાનો વ્યવસાય કર્યો છે ફિલ્મે પહેલા દિવસે ૧૯.૨૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો

બોલિવૂડ અભિનેતા અજય દેવગનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રેડ ૨'સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મ રિલીઝ થયાને ચાર દિવસ થઈ ગયા છે. અજય દેવગન અને રિતેશ દેશમુખની આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સારી શરૂઆત મળી. આ સાથે, આ ફિલ્મ વર્ષ ૨૦૨૫ ની ત્રીજી સૌથી વધુ ઓપનર બની. આ ફિલ્મ ત્રણ દિવસમાં બોક્સ ઓફિસ પર ૫૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી શકી ન હતી, પરંતુ ચોથા દિવસે તેની કમાણીમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો. એક અહેવાલ મુજબ, ફિલ્મે ચોથા દિવસે ૨૧.૫૦ કરોડ રૂપિયાનો વ્યવસાય કર્યો છે ફિલ્મે પહેલા દિવસે ૧૯.૨૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો ફિલ્મે ચોથા દિવસે ૨૧.૫૦ કરોડ રૂપિયાનો વ્યવસાય કર્યો છે. ફિલ્મે પહેલા દિવસે ૧૯.૨૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. બીજા દિવસે એટલે કે શુક્રવારે ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૨ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. ત્રીજા દિવસે, ફિલ્મની કમાણીમાં થોડા ટકાનો ઉછાળો જોવા મળ્યો. 'રેડ ૨' એ ત્રીજા દિવસે ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરી. આ રીતે, ફિલ્મની કુલ કમાણી ૭૦.૭૫ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. ટ્રેડ નિષ્ણાતો માને છે કે આ ફિલ્મ આગામી સપ્તાહના અંત પહેલા બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કરશે.સની દેઓલની ફિલ્મ 'જાટ' અને અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ૨' હાલમાં સિનેમાઘરોમાં ચાલી રહી છે. જોકે, આ ફિલ્મો અજય દેવગન અને રિતેશ દેશમુખ સ્ટારર 'રેડ ૨' ની કમાણી પર કોઈ અસર કરી રહી નથી. 'રેડ ૨'માં અજય દેવગન એક ઈન્કમ ટેક્સ ઓફિસરની ભૂમિકા ભજવતો જોવા મળી રહ્યો છે. આ ફિલ્મ ૨૦૧૮માં રિલીઝ થયેલી 'રેડ' ની સિક્વલ છે.




### વિરાટ કોહલીના એક લાઇકથી હડકંપ

# અવનીતના ૨૦ લાખ ફોલોવર્સ વધ્યા, નેટ વર્થમાં પણ વધારો

## વિરાટ કોહલી માત્ર મેદાનમાં પોતાના ચોગ્ગા-છગ્ગા માટે જ નહીં પરંતુ અનુષ્કા શર્મા માટે તેના પ્રેમ અને કેર માટે પણ જાણીતો છે

વિરાટ કોહલી જ્યારે કોઈ રેસ્ટોરન્ટ કે જગ્યાનું નામ લે છે ત્યારે લોકોની ભીડ જામે છે. આવી સ્થિતિમાં જ્યારે વિરાટ કોહલીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી અવનીત કૌરની તસવીર પર લાઈક્સ બતાવવામાં આવી તો સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો હતો. દરેક જગ્યાએ અવનીત કૌરની જ ચર્ચા થતી હતી. લોકો મોટી સંખ્યામાં અવનીત કૌરને ફોલો કરવાનું શરુ કરી દીધું હતું. અહેવાલો અનુસાર તેના રાતોરાત ૨૦ લાખ નવા ફોલોવર્સ વધી ગયા હતા. વિરાટ કોહલી માત્ર મેદાનમાં પોતાના ચોગ્ગા-છગ્ગા માટે જ નહીં પરંતુ અનુષ્કા શર્મા માટે તેના પ્રેમ અને કેર માટે પણ જાણીતો છે. આવી સ્થિતિમાં આ લાઈક્સને તેની ઈમેજની વિરુદ્ધ માનવામાં આવતી હતી અને લોકોએ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું.દરેક મીમ પેજ પર તેનો ઉલ્લેખ થવા લાગ્યો હતો. મામલો એટલો વધી ગયો કે ખુદ વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મુકીને સ્પષ્ટતા કરવી પડી હતી. પરંતુ આ સમગ્ર ઘટનાનો સૌથી મોટો લાભ અવનીત કૌરને થયો હતો. તેના યુઝર્સ ઝડપથી વધ્યા અને ઘણા નવા બ્રાન્ડ ડીલ્સ તેના હાથમાં આવી છે.રિપોર્ટ પ્રમાણે અવનીત કૌર જે એક પોસ્ટ માટે ૨ લાખ રૂપિયા લેતી હતી, તેણે હવે તેની ફી વધારીને ૨.૬ લાખ રૂપિયા કરી દીધી છે. આ ઉપરાંત તેને ઘણી બ્યૂટી અને ફિટનેસ બ્રાન્ડની ઓફર પણ મળી ચૂકી છે. અવનીત કૌરની નેટવર્થ હવે ૫ કરોડને પાર કરી ગઈ છે.હવે તેની દરેક પોસ્ટ પર વિરાટ કોહલીનો ઉલ્લેખ જોવા મળે છે. કોઈ લખી રહ્યું છે કે, "વિરાટ કોહલીની સ્ટોરી પછી અહીં કોણ-કોણ આવ્યું? તેના કોમેન્ટ બોક્સમાં વિરાટ કોહલીની જીઆઈએફ પણ જોઈ શકાય છે.આ લાઈકની ચર્ચા એટલી વધી ગઈ કે વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં સ્પષ્ટતા આપી હતી. તેણે લખ્યું હતું કે ફીડને ક્લિયર કરતી વખતે ઈન્સ્ટાગ્રામ એલ્ગોરિધમે ભૂલથી કોઈ ઈન્ટરૈક્શન સાથે રજિસ્ટર કરી લીધું. હું દરેકને અપીલ કરું છું કે બિનજરૂરી ધારણાઓ ન કરો. જો કે આ ખુલાસો કરવા છતાં સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. ઘણા યુઝર્સ કહે છે કે એલ્ગોરિધમ એવી રીતે કામ નથી કરતું કે કોઈ પોસ્ટને આપોઆપ લાઈક થઈ જાય.ઈન્સ્ટાગ્રામ એલ્ગોરિધમ એ એક સિસ્ટમ છે જે યુઝર્સને તેમની રસ પ્રમાણે સામગ્રી બતાવે છે. એટલે કે તમે જે પકારનું કન્ટેન્ટ વધારે જુઓ છો એલ્ગોરિધમ તેનાથી મળતા પોસ્ટ્સ, રીલ્સ અને સ્ટોર તમારા ફિડમાં બતાવે છે. જોકે કેટલીક વખત ટેકનિકલ ખામીઓ, એપ અપડેટ કે સ્લો ઈન્ટરનેટના કારણે સિસ્ટમ ખોટી કન્ટેન્ટ પણ બતાવી શકે છે.



# નવનિર્મિત અમદાવાદ સિટી મંડળ કાર્યાલયનો નવરંગપુરા મુખ્ય પોસ્ટ ઓફિસ બિલ્ડિંગમાં પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કરાવ્યો શુભારંભ

## પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ સિટી મંડળમાં ડાક સેવાઓની પ્રગતિની કરી સમીક્ષા અને લક્ષ્યો હાંસલ કરવા પર મૂક્યો ભાર







। અમદાવાદ, તા.૬ ।

ભારત સરકારની અનેક અગ્રણી યોજનાઓને પોસ્ટ ઓફિસ મારફતે મુખ્યત્વે અમલમાં મૂકવામાં આવી છે. ડાક વિભાગ 'ડિજિટલ ઈન્ડિયા' અને 'વિત્તીય સમાવેશન'ની કલ્પનાને સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. ઉપરોક્ત લાગણીઓ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૬ મે, ૨૦૨૫ના રોજ નવરંગપુરા મુખ્ય પોસ્ટ ઓફિસ ભવનમાં નવનિર્મિત અમદાવાદ સિટી મંડળ કાર્યાલયના શુભારંભ પ્રસંગે કર્યું. આ અવસરે પ્રવર ડાક અધીક્ષક શ્રી વિકાસ પાલવે અને ડેપ્યુટી અધિક્ષક શ્રી એસ.કે. વર્મા પણ હાજર રહ્યા. પ્રવર ડાક અધીક્ષક કાર્યાલય અને નવરંગપુરા મુખ્ય ડાકઘર બંને એક જ ભવનમાં સ્થિત હોવાના કારણે એકબીજામાં વધુ સારું સહકાર અને સંચાર સ્થાપિત થશે, જે સેવા ગુણવત્તામાં વધારો લાવશે. હવે પ્રવર ડાક અધીક્ષક અન્ય પોસ્ટ ઓફિસો સાથે મુખ્ય પોસ્ટ ઓફિસના કામકાજની સીધી દેખરેખ રાખી શકશે, જેના પરિણામે જવાબદારી અને કામગીરીમાં સુધારો થશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે નવનિર્મિત પ્રવર ડાક અધિક્ષક કાર્યાલયમાં બેઠક યોજી અને ડાક સેવાઓની વિસ્તૃત સમીક્ષા કરી તેમજ નવરંગપુરા મુખ્ય ડાકઘર ની મુલાકાત લીધી. ડાક કર્મચારીઓ સાથે સંવાદ દરમિયાન તેમણે ગ્રાહકો પ્રત્યે સદાચાર રાખવા અને વિવિધ સેવાઓ માટે નક્કી કરાયેલા લક્ષ્યોની પ્રાપ્તિ પર ભાર મૂક્યો. લોકોની સુવિધા માટે, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસમાં આધાર કાઉન્ટરનો સમય વધારવા અને તેને બે શિફ્ટમાં ચલાવવા સૂચના આપવામાં આવી. ડાકઘર નિર્યાત કેન્દ્રનો ઉદ્યોગસાહસિકોમાં વધુ પ્રચાર કરીને આંતરરાષ્ટ્રીય મેઈલ વ્યવસાયમાં વધારો કરવાની દિશામાં સૂચનાઓ આપી. પાર્સલ પેકેજિંગ યુનિટની ઉત્પાદન ક્ષમતા વધારવા પર પણ ભાર મૂક્યો. તેમણે ગયા નાણાકીય વર્ષમાં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ બચત ખાતા (૨.૬૨ લાખ) ખોલવા બદલ અમદાવાદની પ્રશંસા કરી. તાજેતરમાં શરૂ થયેલી "જ્ઞાન પોસ્ટ સેવા"ના માધ્યમથી વધુમાં વધુ લોકોને જોડાવા માટે પણ સૂચનાઓ આપી. પ્રવર ડાક અધીક્ષક શ્રી વિકાસ પાલવે દ્વારા પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું સ્વાગત કરવામાં આવ્યું અને તેમને અમદાવાદ સિટી મંડળમાં ડાક સેવાઓની પ્રગતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન બચત બેંક, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, સ્પીડ પોસ્ટ, પાર્સલ, આધાર વગેરે તમામ સેવાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે મંડળ પ્રતિબદ્ધ છે.

આ અવસરે સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી એસ.કે. વર્મા, સહાયક ડાક અધિક્ષક શ્રી હાર્દિક રાઠોડ, શ્રી એસ.એન. ઘોરી, શ્રી અલ્કેશ પરમાર, શ્રી એચ.જે. પરીખ, શ્રી રમેશ ટી પટેલ, શ્રી રોનક શાહ, ડાક નિરીક્ષક શ્રી વિશાલ ચૌહાણ, શ્રી યથાર્થ દુબે સહિત અનેક અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા.

# કડી અને વિસાવદર વિધાનસભા મતવિસ્તારની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી

। કડી, તા.૬ ।

આગામી સમયમાં યોજાનાર ગુજરાતની ૨૪ - કડી વિધાનસભા (અ.જા.) અને ૮૭ – વિસાવદર વિધાનસભા બેઠકની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે તા.૦૫ મે, ૨૦૨૫ ના રોજ બંને વિધાનસભા મતવિસ્તારની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં કડી વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૨ પુરુષ અને ૨૨૪ મહિલા મતદારોના વધારા સાથે કુલ ૩૭૬ મતદારોનો વધારો થયો છે. વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં ૨૪ પુરુષ અને ૧૬૦ મહિલા તથા ૦૧ ત્રીજી જાતિના મતદારના વધારા સાથે કુલ ૧૮૫ મતદારોનો વધારો થયો છે. બંને મતવિસ્તારના મળી કુલ ૫૬૧ મતદારોનો વધારો નોંધાયો છે.

ગુજરાત રાજ્યમાં ખાલી પડેલી મહેસાણા જિલ્લાની ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૪૯,૭૧૯ પુરુષ, ૧,૪૦,૦૨૩ મહિલા અને ત્રીજી જાતિના ૪ મળી કુલ ૨,૮૯,૭૪૬ મતદારો નોંધાયા છે.

જ્યારે જુનાગઢ જિલ્લાની ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આખરી મતદારયાદી પ્રમાણે ૧,૩૫,૫૯૭ પુરુષ, ૧,૨૫,૪૫૧ મહિલા અને ત્રીજી જાતિના ૪ મળી કુલ ૨,૬૧,૦૫૨ મતદારો નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૦૧લી એપ્રિલ, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.

# ઝાલોદ નગરની મૌલાના આઝાદ હાઇસ્કુલમાં ધોરણ ૧૨ એચ.એસ.સી.નું ૧૦૦% ટકા પરિણામ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ નગર પડી મહુડી રોડ પર આવેલ જામિઆ ફૈઝે રહમાની બચ્ચોંકા ઘર,ઝાલોદ સંચાલિત મૌલાના આઝાદ હાઈ. અને હા.સે.સ્કુલ, ઝાલોદનું ધો.૧૨ એચ.એસ.સી.બોર્ડ ૨૦૨૫નું પરિણામ ખૂબ સુંદર આવેલ આવેલ હતું.

સ્કૂલના તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ,મંડળના સભ્યોની મેહનત થી સ્કૂલનુ પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે પઠાણ સાયમા સઈદ, બીજા નંબરે ડોકીલા શિફા ઈમરાન, ત્રીજા નંબરે મતાદાર શિફા રિઝવાન આવતા સ્કૂલ પરિવાર તરફથી તમામ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# ૭ મે - વર્લ્ડ એથ્લેટિક્સ ડે

## એથ્લેટિક્સ રમતના માધ્યમથી ગુજરાતના ૫૦થી વધુ ખેલાડીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી પ્રાપ્ત કરી







। રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, તા.૬ ।

ગુજરાતના ખેલાડીઓ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી રમત ગમત ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરીને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રમતને વધુ પ્રોત્સાહન આપવાના ભાગરૂપે એથ્લેટિકસમાં મેડલ પ્રાપ્ત ખેલાડીઓને સ્પોર્ટ્સ ક્વોટા અંતર્ગત વિવિધ વિભાગોમાં સરકારી નોકરી આપવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતમાં વિવિધ એથ્લેટિકસ રમતના માધ્યમથી અત્યાર સુધીમાં ૫૦થી વધુ ખેલાડીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી આપીને પ્રોત્સાહિત કર્યા છે.

એથ્લેટિકસ રમતમાં વર્ષ -૨૦૧૦ પછી અત્યાર સુધીમાં ખેલાડીઓએ ૧૦૦ મી દોડ,૨૦૦ મી, ૪૦૦મી , ૮૦૦મી, ૧૫૦૦ મી, ૫૦૦૦ મી, ૧૦,૦૦૦મી દોડ, ૪૦૦ વિઘ્ન દોડ, મેરેથોન તેમજ ડેકેથલોનની સ્પર્ધામાં ભાગ લઈ ૧૬ ખેલાડીઓએ ઈન્ડીયન આર્મીમાં, ૦૨ ખેલાડીઓ ઈન્ડીયન એરફોર્સમાં, ૦૧ ખેલાડીને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં, ૦૧ ખેલાડી આસામ રાયફલમાં, ૦૧ ખેલાડી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સમાં તેમજ ૦૧ ખેલાડી ઈન્ડો - તિબેટીયન બોર્ડર પોલીસમાં જોડાઈને દેશની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા સેવા આપી રહ્યા છે.

આ ઉપરાંત એથ્લેટિકસ રમતમાં જોડાઈને ૧૧ જેટલા ખેલાડીઓએ ઈન્ડીયન પોસ્ટલ સર્વિસમાં જોડાયા હતા. જ્યારે બે ખેલાડીઓ દિલ્હી ખાતે ઈક્રમટેક્સમાં, એક ખેલાડી ગોવા ખાતે ઈક્રમટેક્સમાં, એક ખેલાડી ભારત સંચાર નિગમ લિમિટેડમાં, ૦૬ ખેલાડીઓ ઈન્ડિયન રેલવેમાં, એક ખેલાડી એગ્રીકલ્ચર બેંકમાં તેમજ ૦૬ જેટલા ખેલાડીઓએ ગુજરાત પોલીસમાં જોડાઈને આમ રાજ્યના કુલ ૫૦ જેટલા ખેલાડીઓને અત્યાર સુધી એથ્લેટિકસ રમતના પરિણામે કેન્દ્ર અને રાજ્ય સરકારની સારા હોદ્દાની નોકરી પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ખેલ મહાકુંભના માધ્યમથી રમત ગમતની જન જાગૃતિને છેવાડા સુધી પહોંચાડ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત આજે એથ્લેટીકસ ક્ષેત્રે નવી ઉચાઈસર કરી રહ્યું છે. આજે ગુજરાતના ખેલાડીઓ એથ્લેટીકસ રમતમાં ભાગ લઈને આંતરરાષ્ટ્રીય - રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરીને ગુજરાત અને ગુજરાતીઓને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતમાં ૧૧ સિન્થેટીક એથ્લેટીક્સ ટ્રેક અમદાવાદ શહેર, મહેસાણા, પાટણ શહેર સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, ખેડા, નર્મદા ભાવનગર શહેર તેમજ પોરબંદર શહેરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સ્પોર્ટ્સ ઓથોરીટી ગુજરાત દ્વારા બનાવવામાં આવ્યા છે. જેમાં ઘણાં બધા એથ્લેટીકસ રમત સાથે સંકળાયેલા ગુજરાતના ખેલાડીઓ લાભ લઈ રહ્યા છે.

### તાલુકામાં વાવાઝોડાથી કોઈ જાનહાનિ કે કોઈ મોટું નુકશાન થયેલ નથી

# ઝાલોદ તાલુકામા તોફાની પવન ફૂંકાતા નગરમાં અંધારપટ છવાયો : તાલુકાના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (માહિતી) રાજકોટ, તા.૬ ।

ઝાલોદ તાલુકામા ૦૫-૦૫-૨૦૨૫ દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે પસાર થયો હતો. રાત્રિના અંદાજીત ૭:૩૦ કલાકે તોફાની પવન આખા તાલુકામાં ફૂંકાયો હતો. આ વાવાઝોડા એ આખા તાલુકાને અંદાજીત પિસ્તાલીસ મિનિટ બાનમાં લીધો હતો. તાલુકામાં જેવો તોફાની પવન ફૂંકાયો તેવી જ આખા તાલુકામાં લાઈટ બંધ થઈ ગઈ હતી. આખા તાલુકામાં લાઈટ બંધ થતાં ચોમેર અંધારપટ છવાયો હતો. તોફાની પવને આખા તાલુકાને બાનમાં લીધો હતો. આ તોફાની પવનને લઈને અનેક દુકાનોના પતરા ઉડી ગયેલ હતા તેમજ નગરના રસ્તાઓ નિર્દેશ કરતાં બોર્ડે, ઝાડ વગેરે પડી ગયેલ જોવા મળેલ હતા. ઝાલોદ નગરના પ્રાંત અધિકારી એ. કે.ભાટીયા દ્વારા તોફાની પવનને લઈ કોઈ નુકશાન થયું છે કે નહીં તે અંગે માહિતી મેળવેલ હતી. પ્રાપ્ત થયેલ સૂત્રો મુજબ તાલુકામાં કોઈ પશુધન,મકાન કે અન્ય કોઈ મોટી જાનહાનિ સર્જાયેલ નથી. ઝાલોદ તાલુકામાં તોફાની પવન ફૂંકાતાં તાલુકાના અનેક વિસ્તારોમાં લાઈટ ડૂલ થઈ ગયેલ હતી. ઝાલોદ તાલુકામાં અમુક વિસ્તારોમાં રાત્રી દરમ્યાન લાઈટ આવી ગયેલ હતું તો અમુક વિસ્તારોમાં આખી રાત અંધારપટ છવાયેલ હતો જેને એમ.જી.વી. સી.એલના કર્મચારીઓ દ્વારા બીજા દિવસે લાઈટનો ફોલ્ટ શોધી લાઈટ ચાલુ કરી દીધેલ હતી.

ઝાલોદ નગરમાં રામદ્વારા મંદિરની ઉપરનો ઝરુખો તોફાની પવન થી પડી ગયેલ હતો. મંદિરના મહંત દ્વારા વિનંતી કરવામાં આવી હતી કે ઝરુખાની મજબૂતી નબળી પડી ગયેલ હોવાથી મંદિરને અડીને બહાર કોઈ વ્યક્તિ રોડ પર વ્યાપાર ન કરે નહોતો ઝરુખો પડી જવાનો ડર પણ રહેલો છે. તોફાની પવન ફૂંકાતા નગરની પોલિસ, નગરપાલિકા તેમજ પોલિસ તંત્ર પણ એલર્ટ મોડ પર જોવા મળેલ હતો. આજે પણ નગરમાં દિવસભર વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ તેમજ લહેરાતો પવન જોવા મળ્યો હતો.

# ગુજરાતના ૧૯ એરપોર્ટ પરથી વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોની આવન-જાવન: કુલ ૧.૭૦ કરોડથી વધુ યાત્રીઓએ લીધો લાભ

। કડી, તા.૬ ।

રાજ્યમાં સૌપ્રથમ વર્ષ ૧૯૭૩થી શેરડી, કપાસ જેવા વિવિધ પાક પર હેલિકોપ્ટર-ફિક્સ્ડ વિંગ એરક્રાફ્ટ દ્વારા હવાઈ છંટકાવની સાથે વિમાન દ્વારા ક્લાઉડ સીડિંગ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે આજે 'નાગરિક ઉડ્ડયન' વિભાગ તરીકે કાર્યરત છે. આ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય અને આંતરિક હવાઈ મથકોથી અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોએ આવન-જાવન કરી છે. આ સેવાઓ દ્વારા રાજ્યમાં ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં કુલ ૧.૭૦ કરોડ કરતાં વધુ યાત્રિકોએ સફળ હવાઈ મુસાફરી કરી છે. આ ઉપરાંત અંદાજે ૧૦૯.૯ હજાર ટન માલસામાનની પણ હવાઈ માર્ગે હેરફેર કરવામાં આવી હતી. રાજ્યના નાગરિકોને આપાતકાલિન પરિસ્થિતિમાં ખૂબ ઝડપી તબીબી સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ધરાવતા ડૉક્ટર અને આઈ.સી.યુ. સુવિધાઓ સાથે એર-એમ્બ્યુલન્સ સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

# વડોદરા મંડળના વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે રી-ગર્ડરિંગના કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રણોલી સ્ટેશનો વચ્ચે પુલ નં. ૬૨૪ (અપ લાઈન) પર રિ-ગર્ડરિંગ કાર્ય માટે ૭ મે થી ૮ જૂન ૨૦૨૫ સુધી (બુધવાર અને રવિવાર) ના રોજ ૧૧.૧૫ થી ૧૬.૪૫ વાગ્યા સુધી ૦૫.૩૦ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે. જેના કારણે અમદાવાદ મંડળ થી દોડતી/પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે. જે નીચે મુજબ છે:

**પૂર્ણતઃ નિરસ્ત ટ્રેન**

ટ્રેન સંખ્યા ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૭,૧૧,૧૪,૧૮,૨૧,૨૮ મે અને ૪,૮ જૂન ૨૦૨૫ ના રોજ પૂર્ણતઃ નિરસ્ત રહેશે. ટ્રેન સંખ્યા ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૭,૧૧,૧૪,૧૮,૨૧,૨૮ મે અને ૪,૮ જૂન ૨૦૨૫ ના રોજ પૂર્ણતઃ નિરસ્ત રહેશે.

**આંશિક નિરસ્ત ટ્રેન**

ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૭,૧૧,૧૪,૧૮,૨૧,૨૮ મે અને ૪,૮ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક નિરસ્ત રહેશે.

**રિશેડ્યૂલ થવાવાળી ટ્રેનો**

૧. ટ્રેન સંખ્યા ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૭,૧૪,૨૧,૨૮ મે અને ૦૪ જૂન ૨૦૨૫ ના રોજ ૩૦ મિનિટ માટે રિશેડ્યૂલ રહેશે.

૨. ટ્રેન સંખ્યા ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ૧૧, ૧૮ મે અને ૦૮ જૂન ૨૦૨૫ ના રોજ ૬૦ મિનિટ માટે રિશેડ્યૂલ રહેશે.

**રેગુલેટ થવાવાળી ટ્રેનો**

૧. ટ્રેન સંખ્યા ૧૬૫૩૩ ભગત કી કોઠી-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૭,૧૪,૨૧,૨૮ મે અને ૦૪ જૂન ૨૦૨૫ ના રોજ ૫૫ મિનિટ માટે રેગુલેટ રહેશે.

૨. ટ્રેન સંખ્યા ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૭,૧૪,૨૧,૨૮ મે અને ૦૪ જૂન ૨૦૨૫ ના રોજ ૫૦ મિનિટ માટે રેગુલેટ રહેશે.


૩. ટ્રેન સંખ્યા ૧૪૮૦૭ જોધપુર-દાદર એક્સપ્રેસ ૧૧, ૧૮ મે અને ૦૮ જૂન ૨૦૨૫ ના રોજ ૦૧.૪૦ કલાક માટે રેગુલેટ રહેશે.

૪. ટ્રેન સંખ્યા ૧૬૨૦૯ અજમેર-મૈસુર એક્સપ્રેસ ૧૧,૧૮ મે અને ૦૮ જૂન ૨૦૨૫ ના રોજ ૫૫ મિનિટ માટે રેગુલેટ રહેશે.

૫. ટ્રેન સંખ્યા ૨૦૬૨૬ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ૭,૧૧,૧૪,૧૮,૨૧,૨૮ મે અને ૦૪,૦૮ જૂન ૨૦૨૫ ના રોજ ૪૦ મિનિટ માટે રેગુલેટ રહેશે.

યાત્રીઓ ને વિંનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનો ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.



**સિંહ (મ,ટ) :**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવાનું જરૂરી ના હોય તો શાંત રહો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.



**તુલા (ર,ત) :**

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડેલ બનાવવા માટે સખત મહેનત કરો.



**મકર (ખ,જ) :**

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### ઈન્ડિગોમાં એર હોસ્ટેસની છેડતી કરનાર યાત્રીની ધરપકડ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીથી શિરડી જનારી ઈન્ડિગોની ફ્લાઈટમાં એર હોસ્ટેસની છેડતી કરવાના આરોપમાં એક પુરુષ યાત્રીની ધરપકડ કરવામાં આવી છે. છેડતીની ઘટના શૌચાલયની પાસે બની હતી. પુરુષ મુસાફરે નશાની હાલતમાં મહિલા ક્રૂ મેમ્બરને અનુચિત રીતે સ્પર્શ કર્યો હતો. એર હોસ્ટેસે તરત જ ક્રૂ મેનેજરને તેની જાણ કરી હતી. મેનેજરે લેન્ડિંગ પછી સુરક્ષા કર્મીઓને તેની જાણ કરી હતી. એરપોર્ટ પર મુસાફરની ધરપકડ કરાઈ હતી. શિરડી એરપોર્ટ પર ફ્લાઈટના લેન્ડિંગ પછી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને તેને રાહાતા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. છેડતીની ફરિયાદ નોંધવામાં આવી છે અને મેડિકલ રિપોર્ટમાં ખરાઈ થઈ છે કે યાત્રીએ દારુ પીધો હતો. પોલીસ અધિકારીઓના કહેવા મુજબ રાહાતા પોલીસે આરોપીને નોટિસ પણ મોકલી છે. ઈન્ડિગો એરલાઈન્સ તરફથી એક નિવેદન જાહેર કરીને કહેવામાં આવ્યું છે. અમને બીજી મે, ૨૦૨૫એ દિલ્હીથી શિરડી જનારી ફ્લાઈટ ૬ઈ ૬૪૪૦માં બનેલી ઘટનાની જાણકારી છે, જેમાં એક યાત્રીએ કેબિન ક્રૂની સાથે અનુચિત વ્યવહાર કર્યો હતો. અમારા ક્રૂ મેમ્બરોએ નિયમોનું પાલન કર્યુ અને યાત્રીને અનિયંત્રિત જાહેર કર્યો હતો.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય, જજોની સંપત્તિ જાહેર કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતની સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોની સંપત્તિની વિગતો જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે (પાંચમી મે) કહ્યું કે, 'પારદર્શિતા વધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.' જાહેર કરાયેલા ડેટામાંથી મળેલી માહિતી અનુસાર, જસ્ટિસ કે.વી. વિશ્વનાથન સુપ્રીમ કોર્ટના સૌથી ધનિક ન્યાયાધીશ છે. ત્યારે ચાલો જાણીએ કે સુપ્રીમ કોર્ટે આ નિર્ણય વિશે શું કહ્યું છે.સુપ્રીમ કોર્ટે જાહેર જાગૃતિ માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં નિમણૂકોની સમગ્ર પ્રક્રિયા પણ વેબસાઈટ પર અપલોડ કરી છે. આમાં હાઈકોર્ટ કોલેજિયમને સોંપવામાં આવેલી ભૂમિકા, રાજ્ય સરકાર, ભારત સરકાર તરફથી મળેલી ભૂમિકા અને ઈનપુટ્સ અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમના મંતવ્યો શામેલ છે.સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર અપલોડ કરાયેલી મિલકતની વિગતો અનુસાર, ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અનેક ફ્લેટના માલિક છે. દક્ષિણ દિલ્હીમાં ત્રણ ફ્લેટ ઉપરાંત, બે પાર્કિંગ જગ્યાઓ સાથેનો ચાર બેડરૂમનો ફ્લેટ છે, જેનો સુપર એરિયા ૨૪૪૬ ચોરસ ફૂટ છે. આ ઉપરાંત, ૫૬ ટકા હિસ્સા સાથે, ગુરુગ્રામના સિસ્પલ વિહાર સેક્ટર ૪૯માં ચાર બેડરૂમનો ફ્લેટ છે, જેનો સુપર એરિયા ૨૦૧૬ ચોરસ ફૂટ છે.સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે,'સુપ્રીમ કોર્ટે પહેલી એપ્રિલ, ૨૦૨૫ના રોજ નિર્ણય લીધો હતો કે આ કોર્ટના ન્યાયાધીશોની સંપત્તિની વિગતો તેની વેબસાઈટ પર અપલોડ કરીને જાહેર કરવામાં આવશે. પહેલાથી જ પ્રાપ્ત થયેલા ન્યાયાધીશોની સંપત્તિની વિગતો અપલોડ કરવામાં આવી રહી છે. અન્ય ન્યાયાધીશોની સંપત્તિની વિગતો પણ પ્રાપ્ત થતાંની સાથે જ અપલોડ કરવામાં આવશે.'તાજેતરમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના ઘરે ચલણી નોટોનો મોટો ઢગલો મળી આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલે તપાસ સમિતિની રચના કરી હતી.

### ઉજવણીમાં ૨૦ દેશોના નેતાઓ ઉપસ્થિત રહેશે

# રશિયા સાથે જિનપિંગની નજદીકિયાં વિજય દિવસ પરેડમાં હાજરી આપશે

### રાજનાથ સિંહની જગ્યાએ રાજ્યકક્ષાના સંરક્ષણ પ્રધાન સંજય શેઠ ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી શક્યતા છે

। (એજન્સી) બેઈજિંગ, તા.૬ ।

ચીનના પ્રેસિડન્ટ શી જિનપિંગ મોસ્કોમાં વિજય દિવસ પરેડમાં હાજરી આપવા માટે ૭થી ૧૦ મે દરમિયાન રશિયાની મુલાકાત લેશે. તેઓ રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન સાથે સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ અંગે વ્યૂહાત્મક વાતચીત પણ કરશે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રેસિડન્ટ બન્યાં પછી જિનપિંગની મોસ્કોની આ પ્રથમ મુલાકાત હશે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ અંગેની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે હાલની નવી વૈશ્વિક સ્થિતિ તથા શ્રેણીબદ્ધ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દા હેઠળ પ્રેસિડન્ટ જિનપિંગ રશિયાના પ્રેસિડન્ટ સાથે વ્યૂહાત્મક વાતચીત કરશે. યુક્રેન યુદ્ધનો અંત લાવવા પુતિન પર ટ્રમ્પના દબાણ તથા ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વચ્ચે ચીની પ્રમુખ રશિયાની મુલાકાત લઈ રહ્યાં છે. મોસ્કોમાં ક્રેમલિનએ જણાવ્યું હતું કે પ્રેસિડન્ટ પુતિનના વ્યક્તિગત આમંત્રણ પર ૭-૧૦ મે દરમિયાન જિનપિંગની



સત્તાવાર મુલાકાત દરમિયાન બંને નેતાઓ અનેક દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર કરશે. બંને નેતાઓ વચ્ચેની બેઠક દરમિયાન સર્વગાહી ભાગીદારી તથા હાલના આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દા પર ચર્ચાવિચારણા કરાશે. બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર રશિયાના વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે વિજય દિવસની ઉજવણી દરમિયાન બ્રાઝિલ, વેનેઝુએલા અને વિયેતનામ સહિત ૨૦ દેશોના નેતાઓ હાજરી આપે તેવી શક્યતા છે. ચીને મોસ્કોમાં વિજય દિવસ પરેડમાં ભાગ લેવા માટે પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ની એક ટુકડી પણ મોકલી છે. રાજનાથ સિંહની જગ્યાએ રાજ્યકક્ષાના સંરક્ષણ પ્રધાન સંજય શેઠ ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી શક્યતા છે, રશિયા સાથે જિનપિંગની નજદીકિયાં વિજય દિવસ પરેડમાં હાજરી આપશે, ઉજવણીમાં ૨૦ દેશોના નેતાઓ ઉપસ્થિત રહેશે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલીને કારણે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ રશિયામાં વિક્ટરી ડે પરેડમાં હાજરી ન આપે તેવી શક્યતા છે. રાજનાથ સિંહની જગ્યાએ રાજ્યકક્ષાના સંરક્ષણ પ્રધાન સંજય શેઠ ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી શક્યતા છે. રશિયાએ વિજય દિવસ પરેડ માટે મૂળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું, પરંતુ મોદીની જગ્યાએ રાજનાથને મોકલવાનું નિર્ણય લેવાયો હતો. જોકે હવે રાજનાથની જગ્યાએ સંજય સેઠ આ કાર્યક્રમમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી શક્યતા છે.

### ભારત સાથે ટ્રેડ ડીલમાં US ટેરિફ ઘટાડા-નિયમનકારી સુધારાની માંગ કરશે

#### ભારતની રિમેન્યુફેક્ચરિંગ અને સેકેન્ડ હેન્ડ કેપિટલ ગૂડ્સ પ્રોડક્ટ્સ માટેની લાઇસન્સ જરૂરિયાતની પણ અમેરિકા બોજારૂપ ગણે છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારત સાથેની સૂચિત દ્વિપક્ષીય વેપાર સમજૂતીમાં અમેરિકા ભારતની વેપાર નીતિમાં ધરમૂળથી ફેરફારની માગણી કરે તેવી શક્યતા છે. અમેરિકની કંપનીઓ અને નિકાસકારોના લાભ માટે તે ટેરિફમાં ઘટાડાથી લઈને નિયમનકારી માળખામાં ફેરફારની માગણી કરી શકે છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (GTRI) જણાવ્યું હતું કે કૃષિ ક્ષેત્રમાં અમેરિકાની માગણીઓમાં ચોખા અને ઘઉં જેવા પાક માટે ભારતના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) કાર્યક્રમોને પાછા ખેંચી લેવાની, જેનેટિકલી મોડિફાઈડ (જીએમ) પાકની આયાતના નિયંત્રણો દૂર કરવાની તથા કૃષિ પેદાશોની ટેરિફમાં ઘટાડાનો સમાવેશ થાય છે. ડેરી ક્ષેત્રમાં અમેરિકાની દલીલ છે કે ધ્સ-મુક્ત આહાર પ્રમાણપત્ર અને ફેસિલિટી રજિસ્ટ્રેશન પ્રોટોકોલથી અમેરિકન ડેરી પ્રોડક્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ જેવી સ્થિતિ છે. જોકે ભારત આ નીતિને બિન-વાટાઘાટોપાત્ર માને છે. GTRIના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે અમેરિકા એમેઝોન અને વોલમાર્ટ જેવી યુએસ રિટેલ જાયન્ટ્સ કંપનીઓ પરના નિયંત્રણો હળવા કરવાની પણ માંગ કરી શકે છે. ભારતમાં હાલમાં આવી કંપનીઓ પર ઈન્વેન્ટરીના સંદર્ભમાં ઘણા નિયંત્રણો છે અને આ કંપનીઓએ મોટાભાગે સ્થાનિક પ્રોડક્ટ્સની ખરીદી કરવી પડે છે. ભારત આ નિયમોને હળવા કરવાનો હંમેશા વિરોધ કરતું આવ્યું છે કે કારણ કે અમેરિકાની કંપનીઓ સામે ભારતના સ્થાનિક રિટેલર્સ માટે સ્પર્ધાનો સામનો કરવાનું મુશ્કેલ છે. ભારતની રિમેન્યુફેક્ચરિંગ અને સેકેન્ડ હેન્ડ કેપિટલ ગૂડ્સ પ્રોડક્ટ્સ માટેની લાઈસન્સ જરૂરિયાતની પણ અમેરિકા બોજારૂપ ગણે છે. તેનાથી અમેરિકાની કંપનીઓ પરના ખર્ચમાં વધારો થાય છે. ભારતમાં ટેકનિકલ સર્ટિફિકેટ ફરજિયાત છે અને ગુણવતાના નિયંત્રણો છે.

### કેન્દ્રના જવાબી પગલાને કોંગ્રેસ સમર્થન આપશેઃ પ્રિયંકા ગાંધી

। (એજન્સી) વાયનાડ, તા.૬ ।

પહેલગામ આતંકી હુમલા પછી કેન્દ્ર સરકાર પાકિસ્તાન અને આતંકવાદીઓ સામે આકરી કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ રવિવારે કહ્યું કે તેમની પાર્ટી પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કેન્દ્ર સરકારની કોઈ પણ કાર્યવાહીને સંપૂર્ણ સમર્થન આપશે. વાયનાડની પોતાની બે દિવસની યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, કોંગ્રેસ વર્કિંગ કમિટી(સીડબ્લ્યૂસી)એ પહેલા પણ આ વલણની પુષ્ટિ કરીને એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. મને આશા છે કે હુમલાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ઝડપથી કાર્યવાહી કરશે. એક પ્રશ્નના જવાબમાં સાંસદ પ્રિયંકા ગાંધીએ ઉમેર્યુ કે, કોંગ્રેસ પાર્ટી...સીડબ્લ્યૂસીની બેઠક યોજાઈ અને અમે એક પ્રસ્તાવ પસાર કર્યો. પ્રસ્તાવમાં અમે કહ્યું છે કે સરકાર જે કોઈ કાર્યવાહી કરવાનો નિર્ણય કરશે.

### રશિયા દ્વારા ડિલિવરીની તૈયારી પૂર્ણ

# ભારતીય સેનામાં સામેલ થશે અત્યાધુનિક યુદ્ધ જહાજ INS તમાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

પહલગામ હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે, ત્યારે ભારતીય સેનામાં અત્યાધુનિક યુદ્ધ જહાજ 'INS તમાલ' સામેલ કરવાની તૈયારી શરૂ કરી દેવાઈ છે. ભારત સરકાર સેનાનો કાફલો વધારવાનો સતત પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર રશિયાના યાનાતર શિપયાર્ડમાં બનેલું યુદ્ધ જહાજ આઈએનએસ તમાલ ભારતને ૨૮ મેના રોજ સોંપવામાં આવશે. વર્ષ ૨૦૧૬માં ભારત-રશિયા વચ્ચે કુલ ચાર યુદ્ધ જહાજો બનાવવા માટે સમજૂતી થઈ હતી, તે મુજબ રશિયામાં બે અને ભારતમાં બે એમ કુલ આવા ચાર યુદ્ધ જહાજો બનાવવાનો કરાર કરાયો હતો. આ ચારેય યુદ્ધ જહાજો સેનામાં સામેલ કરાશે. આઈએનએસ તમાલને જૂન-૨૦૨૫માં ભારતીય નૌસેનામાં ઔપચારિક સામેલ કરાશે. આ યુદ્ધ જહાજથી ભારતીય સેનાની દરિયામાં વધુ તાકાત વધશે. આઈએનએસ તમાલમાં અત્યાધુનિક ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ફ્રિગેટ છે, જે આકાશ, પાણી અને સપાટી પર એક સાથે હુમલો કરવામાં સક્ષમ છે. આ જહાજ બ્રહ્મોસ એન્ટી-શિપ મિસાઈલથી સજ્જ છે તેમજ એડવાન્સ સેન્સર તેમજ હથિયાર સિસ્ટમો સામેલ છે. એટલે કે આઈએનએસ તમાલથી સુપરસોનિક મિસાઈલ ઝીંકી શકાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, જહાજ પર મલ્ટી-રોલ હેલિકોપ્ટર પણ સરળતાથી ઉતરી શકે છે. ભારત હવે પોતાના યુદ્ધજહાજોને સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્માણ કરવા પર ધ્યાન આપી રહ્યું હોવાથી, INS તમાલ ભારતનું અંતિમ આયાત કરેલ યુદ્ધ જહાજ માનવામાં આવે છે.

### જાસૂસ બાદ પંજાબમાંથી પાકિસ્તાની નાગરિક ઝડપાયો

। (એજન્સી) ગુરદાસપુર, તા.૬ ।

ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે બીએસએફએ પંજાબના ગુરદાસપુરમાંથી વધુ એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી છે. આ પાકિસ્તાની નાગરિક ગુજરાંવાલાનો રહેવાસી છે. તેની પાસેથી અમુક રૂપિયા અને એક આઈડી કાર્ડ મળી આવ્યું છે. હાલ બીએસએફ અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. અગાઉ બીએસએફએ ૩ મેના રોજ રાજસ્થાનમાંથી ભારત-પાકિસ્તાન સરહદ પરથી પાકિસ્તાની સૈનિકની ધરપકડ કરી હતી. તે જ તારીખે મોડી રાત્રે બીએસએફએ પંજાબના ગુરદાસપુરમાં પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી હતી. પહલગામ આતંકી હુમલા બાદ બંને દેશોની સરહદ પર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બીએસએફએ ત્રણ જુદી-જુદી ઘટનાઓમાં પંજાબની આંતરરાષ્ટ્રીય સરહદ નજીકથી એક ડ્રોન, પિસ્તોલ ફ્રેમ, હેરોઈનનું પેકેટ જપ્ત કર્યું હતું.

### અમેરિકામાં વિઝા સંકટે વિદેશી વિદ્યાર્થીઓની ચિંતા વધારી દીધી

# USમાં વિઝામાં કડકાઈના કારણે વિદેશી વિદ્યાર્થીઓ ઉનાળુ વેકેશન અંગે દ્વિધામાં

### માર્ચના અંતથી હમણાં સુધી અમેરિકામાં ૧૮૭ યુનિ.ઓ અને કોલેજોના ૧૨૨૦થી વિઝા રદ કરાયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકામાં અભ્યાસ કરી રહેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ગરમીની રજાઓ હવે નિરાંત નહીં, પરંતુ ચિંતાનો વિષય બની ચૂકી છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, સેન ડિએગોમાં પીએચડી કરી રહેલા એક વિદ્યાર્થીએ હવાઈ યાત્રાની યોજના બનાવી હતી, પરંતુ તાજેતરમાં વિઝા ટર્મિનેશન અને કાયદાની સ્થિતિની સમાપ્તિના અહેવાલનો પગલે તેણે યાત્રા રદ કરવી પડી છે. નામ નહીં કહેવાની શરતે આ વિદ્યાર્થીએ જણાવ્યું કે, 'હું સરકારનો જેટલો ઓછો સંપર્ક કરું એટલું જ મારા માટે સારું છે.'આ ભાવના હવે અમેરિકાભરના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં જોવા મળી રહી છે. પછી એ પોતાના દેશમાં



પરત જવા ઈચ્છતા હોય કે રિસર્ચ માટે વિદેશ જવા ઈચ્છતા હોય કે રજા મનાવવા જવા ઈચ્છતા હોય. તાજેતરમાં ટ્રમ્પ સરકારની આકરી નીતિઓના કારણે કેટલાય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની કાયદાકીય સ્થિતિ અચાનક સમાપ્ત કરવામાં આવી છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેએ પોતાના વિદ્યાર્થીઓને ચેતવણી આપીને કહ્યું કે આંતરરાષ્ટ્રીય યાત્રા સખત તપાસ અને પ્રવર્તનને કારણે જોખમી બની શકે છે. એક રિપોર્ટ મુજબ, માર્ચના અંતથી હમણાં સુધી અમેરિકામાં ૧૮૭ યુનિવર્સિટીઓ અને કોલેજોના ૧૨૨૦થી વધુ વિદ્યાર્થીઓના વીઝાની મુદત સમાપ્ત કરી દેવામાં આવી છે. પરંતુ ૧૦મી એપ્રિલે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એનફોર્સમેન્ટ દ્વારા કોંગ્રેસને આપવામાં આવેલા જવાબમાં કહેવામાં આવ્યું છે કે આ સંખ્યા ૪૭૩૬ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગઈ છે. કેટલાક વિદ્યાર્થીઓને અચાનક ડિપોર્ટેશનનો ભય સતાવી રહ્યો છે, જેના કારણે એ દેશ છોડી ચુક્યા છે કે છુપાવવા માટે મજબૂર છે. કેટલાક વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેમના રેકોર્ડમાં બસ નાની-મોટી ભૂલ હતી કે પછી તેમને ખબર જ નથી કે તેમના વીઝા કેમ રદ કરવામાં આવ્યા છે.

### પાણી મુદ્દે બે રાજ્યો વચ્ચે ભારે વિવાદ

# પંજાબ પોલીસે ભાખરા અને નાંગલ ડેમ પર કબજો કરતા હાઈકોર્ટમાં પહોંચ્યો મામલો

। (એજન્સી) ચંદીગઢ, તા.૬ ।



પંજાબ અને હરિયાણા વચ્ચે પાણી માટે ભારે રાજકીય યુદ્ધ શરૂ થયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે અને હવે આ મામલો હાઈકોર્ટમાં પહોંચી ગયો છે. પંજાબ પોલીસે ભાખરા-નાંગલ ડેમ પર કબજો કર્યા બાદ 'ભાખરા ડેમ મેનેજમેન્ટ બોર્ડ - BBMB'એ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. બીજીતરફ ફતેહાબાદની એક પંચાયતે પણ પાણીનો મુદ્દો લઈને હાઈકોર્ટ પહોંચી ગઈ છે. બંને અરજીઓ પર તાત્કાલીક સુનાવણી માંગ થયા બાદ ન્યાયાધીશોની બેંચે આજે જ સુનાવણી હાથ ધરી છે. કોર્ટે બીબીએમબી, પંજાબ સરકાર અને હરિયાણાને નોટિસ જારી કરવાની સાથે આવતીકાલે બપોરે ૩.૦૦ કલાકે ફરી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નાંગલ ડેમ પરિસરમાં પંજાબ પોલીસની ટીમ તહેનાત કરતા બીબીએમબીએ વાંધો ઉઠાવ્યો છે અને આ મુદ્દે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં કહેવાયું છે કે, પંજાબ પોલીસે બળજબરીથી ટીમ તહેનાત કરી છે, જેના કારણે બોર્ડના કામકાજમાં અડચણો આવી રહી છે.

# નવી દિલ્હી ખાતે સહકારી આર્થિક માળખા પર ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન

## ગ્રામીણ વિકાસ, સામાજિક સમાનતા અને સમાવિષ્ટી નીતિઓ પર નવીન પહેલ પ્રશંસનીય છે : દિલીપ સંઘાણી

**સહકારી વસ્તુ અને આર્થિક ક્ષેત્રો દ્વારા સહકારી આર્થિક માળખા પર યોજાયેલી ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠક અભિનંદનયોગ્ય છે : દિલીપ સંઘાણી**





। નવી દિલ્હી, તા.૬ ।

ICAR-રાષ્ટ્રીય કૃષિ અર્થશાસ્ત્ર અને નીતિ સંશોધન સંસ્થાન, નવી દિલ્હી ખાતે "સહકારી વસ્તુ અને આર્થિક ક્ષેત્રો દ્વારા સહકારી આર્થિક માળખું" વિષયક એક ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠક યોજવામાં આવી. બેઠકની શરૂઆત પેહલગામમાં તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં મોતને ભેટેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અને આત્માને શાંતિ મળે તે માટેની પ્રાર્થના સાથે કરવામાં આવી.

દિલીપ સંઘાણીએ આ વાત પર ભાર મૂક્યો કે કોઈપણ ક્ષેત્રની સફળતા અને સમૃદ્ધિ માટે ઉત્પાદન, ઉત્પાદનક્ષમતા, ગુણવત્તા અને માર્કેટિંગની મજબૂત વ્યવસ્થા અતિઆવશ્યક છે. આ માટે સંબંધિત ક્ષેત્રોમાં સહકાર, તાલીમ અને યોજનાઓના સ્વરૂપે મજબૂત વ્યવસ્થાઓ ઊભી કરવી જરૂરી છે જેથી દેશના સર્વાંગી વિકાસને વેગ મળે.

આ પ્રસંગે ત્રણ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને વિશિષ્ટ સન્માન આપવામાં આવ્યા:

*પ્રોફેસર ડૉ. મલ્લિકા કુમારને "રોમાશા પુરસ્કાર ૨૦૨૫"*થી નવાજવામાં આવ્યા. આ સન્માન તેમને સહકારી શિક્ષણમાં તેમના ઊંડા યોગદાન અને સમતામૂલક તથા જ્ઞાનપ્રેરિત સમાજના નિર્માણ પ્રત્યે તેમની સતત પ્રતિબદ્ધતા બદલ આપવામાં આવ્યું.

*સુશ્રી કામના ઝાને "લક્ષ્મી સહગલ ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫"*થી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે નવીન અને સમાવિષ્ટી નીતિઓ દ્વારા ગ્રામ્ય વિકાસને નવું સ્વરૂપ આપ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ "રિવર્સ માઈગ્રેશન" પહેલે ગ્રામ્ય જીવનને પુનર્જીવિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

*ડૉ. ઉમાકાંત દાસને "LVS પબ્લિક પોલિસી ૨૦૨૫ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ"*થી નવાજવામાં આવ્યા. જાહેર નીતિ, સામાજિક સમાનતા અને ગ્રામ્ય વિકાસ પ્રત્યે તેમના આયુષ્યભરના સમર્પણને આ એવોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં દેશભરના નિષ્ણાતો અને નીતિ-નિર્માતાઓએ ભાગ લીધો. ICARના નિદેશક ડૉ. પી. એસ. બિર્થીલ, ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યુ. એસ. અવસ્થિ, નિદેશક શ્રી પ્રહલાદસિંહ, શ્રી જગદીપસિંહ નકઈ, નીતિ આયોગના શ્રી કમલ ત્રિપાઠી, માર્કેટિંગ ડિરેક્ટર શ્રી યોગેન્દ્રકુમાર, MSP કમિટીના શ્રી વિનોદ આનંદ, IRMAના નિદેશક ડૉ. ઉમાકાંત દાસ અને પ્રોફેસર ડૉ. મલ્લિકા કુમાર સહિત અનેક વિશિષ્ટ મહેમાનો હાજર રહ્યા.

## જીજી હોસ્પિટલ રોડ પર રીક્ષા અને સ્કૂટર વચ્ચેના અકસ્માતમાં સ્કૂટર સવાર દંપત્તિ ઘાયલ

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરમાં ગાંધીનગર વિસ્તારમાં રહેતા હેમંતકુમાર યોગેશ્વર કુમાર શર્મા નામના ૪૭ વર્ષના વિપ્ર યુવાન પોતાના પત્નીને સ્કૂટરમાં પાછળ બેસાડીને જામનગરના ભીડભંજન મહાદેવ મંદિરેથી દર્શન કરી પોતાના ઘર તરફ પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન બેડી બંદર રોડ પર પુરપાટ ઝડપે આવી રહેલી જી.જે.૧૦-ટી. ઝેડ.૩૭૪૫ નંબરની રીક્ષાના ચાર લાખ કે સ્કૂટરને ઠોકરે ચડાવી તેમાં નુકસાન પહોંચાડ્યું હતું, અને સ્કુટર ચાલક સુરપાલસિંહ હેમંતકુમાર તથા તેના પત્ની બંનેને ઈજા થઈ હતી, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે. આ અકસ્માતના મામલે હેમંતકુમારે ઓટો રીક્ષાચાલક સામે સીટી બી.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે મામલે સીટી બી.ડિવિઝન પોલીસ તપાસ ચલાવે છે.

## વડોદરામાં વીજ લાઇન રીપેરીંગની કામગીરી અંગે તા.૮થી ૧૩ સવારે ૬થી ૧૦ વીજ પુરવઠો બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વીજ રીપેરીંગ કરવાનું હોવાથી શહેરના વિવિધ વિસ્તારમાં વીજ પુરવઠો સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે. રીપેરીંગ પૂરું થયે કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પુરવઠો શરૂ કરી દેવાશે. ઉલ્લેખનીય છે કે, તરસાલી સબ ડિવિઝન ખાતે તા.૮ મે-ગુરુવારે નિત્યાનંદ ફીડરના આસપાસનો વિસ્તાર, તથા ૧૦ મે, શનિવારે તરસાલી ગામ ફીડરનો આસપાસનો વિસ્તાર. એવી જ રીતે તા.૧૩-મે, મંગળવારે નોવિનો ફીડરના આસપ ાસનો વિસ્તાર અને તા. ૮ મે, ગુરુવારે માણેજા ફીડરના આસપાસનો વિસ્તાર. ઉપરાંત જીઆઈડીસી સબ ડિવિઝન તા.૮ મે, ગુરૂવારે માણેજા ફીડરના આસપાસનો વિસ્તાર સહિત પાડી સબ ડિવિઝનમાં તા.૯ મે, શુક્રવારે કાન્હા ફીડરના આસપાસનો વિસ્તાર એવી જ રીતે તા.૧૩-મે, મંગળવારે કપુરાઈ ફીડરના આસપાસનો વિસ્તાર તથા તા.૧૫-મે, ગુરુવારે ગણેશ નગર ફીડરના આસપાસનો વિસ્તાર.

# પ્રિમોન્સૂન તૈયારીઓ અંગે પોરબંદર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

### આકસ્મિક પરિસ્થિતિ સામે "પોરબંદર જિલ્લા તંત્ર" તૈયારીમાંઃ સંકલિત પ્રયાસો પર ભાર

### પ્રિમોન્સૂન કામગીરીને લઈ તંત્ર એલર્ટ મોડ પરઃ જનહિત માટે વિવિધ વ્યવસ્થાઓ ગોઠવાઈ



। પોરબંદર, તા.૬ ।

આજ રોજ પોરબંદર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી એસ.ડી.ધાનાણીના અધ્યક્ષ સ્થાને પ્રિમોન્સૂન તૈયારીઓના આયોજન બાબતે વિગતવાર સમીક્ષા બેઠકનું આયોજન કરાયું હતું. આ બેઠકમાં કલેક્ટરશ્રી દ્વારા દુરદર્શિતા પૂર્વક તમામ મહત્વના મુદ્દાઓ પર ગંભીર વિચારવિમર્શ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. બેઠક દરમિયાન આકસ્મિક પ્રાકૃ તિક આપત્તિઓના દ્રષ્ટિકોણે તમામ વિભાગોને ભૌતિક અને તંત્રાત્મક પ્રવૃતિ સુનિશ્ચિત કરવાની દિશામાં સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠક દરમ્યાન રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલ રૂમ ચાલુ રાખવા તથા દરેક વિભાગે પોતાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરી સમયસર અમલમાં મૂકવા, કચેરીઓમાં આવેલા ભોંયતળિયાના રેકોર્ડ રૂમનો રક્ષણાત્મક પુનર્વિચાર કરવા, ભૂમિસ્ખલન અથવા વાવાઝોડા જેવી પરિસ્થિતિઓમાં આગમચેતી પગલા રૂપે ભયજનક મકાનો તાત્કાલિક ઉતારી લેવાં, ભૌગોલિક પરિસ્થિતિના અભ્યાસ આધારે રેસ્ક્યુ ટીમ તથા સર્વે ટીમોની રચના કરવા, પરપ્રાંતીય મજૂરોની વિગત ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખાને ફાળવી આપવા સૂચન આપવામાં આવ્યા હતા. વધુમાં જીલ્લાના આશ્રયસ્થાનો તથા એન.જી.ઓ.ની યાદી તત્કાલ તૈયાર કરવી, કુદરતી પાણીના વહેણમાં અવરોધરૂપ તત્વો દૂર કરી માર્ગો અવરોધમુક્ત કરવાં, ગત વર્ષના અનુભવના આધારે એક્શન પ્લાન, રેસ્ક્યુ પ્લાન તથા કોમ્યુનિકેશન પ્લાન સુસંગત રીતે વિકસિત કરવાં, નદીનાં કાંઠે વસેલા ગ્રામ વિસ્તારોનું સર્વે કરી સંભવિત જોખમ ધરાવતાં વિસ્તારોની ઓળખ કરવી અને શહેર તથા રાજમાર્ગો પર આવેલા મોટાં હોલ્ડિંગ્સની મજબૂતીની ચકાસણી કરી જરૂરી મરામત કરવા અંગે સૂચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભયજનક વૃક્ષોનું તાત્કાલિક ટ્રિમિંગ કરવું, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત તૈયાર કરાયેલ આયોજનની સમીક્ષા કરવી, સ્થળાંતર કેન્દ્રો પર સ્પષ્ટ માહિતી તૈયાર થાય તે અંગેનુ આયોજન કરવુ, ભોજન, નાસ્તા, પીવાનું પાણી વગેરેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી, તમામ શાળાઓમાં બાળકો માટે "અપાતકાલીન સ્થિતિ દરમિયાન કરવાના/ન કરવાના પગલાં" બાબતના જાગૃતિ કાર્યક્રમો યોજવા અને આરોગ્ય વિભાગ દ્વારા પ્રિમોન્સુન કામગીરીનો આરંભ કરવો તથા ચોમાસા દરમ્યાન પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા નમૂનાઓ એકત્ર કરવાં અંગે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા.

# અમદાવાદના ખોખરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે રાજ્યકક્ષાની લોન ટેનિસ સ્પર્ધા યોજાઈ



### અં-૧૪ વયજૂથમાં ભાઈઓ-બહેનોની લોન ટેનિસ સ્પર્ધામાં ૧૪૨ ખેલાડીઓએ ભાગ લીધો

। અમદાવાદ, તા.૬ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ખોખરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, અમદાવાદ ખાતે રાજયકક્ષાની લોન ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. અં-૧૪ વયજૂથમાં યોજાયેલી ભાઈઓ-બહેનોની લોન ટેનિસ સ્પર્ધામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૧૪૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના પરિણામોમાં અં-૧૪ વયજૂથ ભાઈઓની સ્પર્ધામાં કબીર પરમારે ગોલ્ડ મેડલ, પ્રયાગ પટેલે સિલ્વર મેડલ અને દેવાંશ આચાર્યએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. અં-૧૪ વયજૂથ બહેનોની સ્પર્ધામાં જેન્સી કાનાબારે ગોલ્ડ મેડલ, મારીયા પટેલે સિલ્વર મેડલ અને મહેક ચિત્રોડાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સ્પર્ધાના વિજેતા થયેલા ખેલાડીઓને રાજય સરકાર દ્વારા મેડલ અને ટ્રેક શુટ આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### ગુજરાતમાં EDની કાર્યવાહી

# વક્ફની જમીન પર ગેરકાયદે કબજો કરનાર જુમ્માખાન પઠાણના ઘરે દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં ગુજરાત વક્ફ બોર્ડ સંચાલિત જમાલપુર કાચની મસ્જિદ ટ્રસ્ટની જમીન મ્યુનિસિપલ કોર્પોરેશનને ભાડે આપવામાં આવી હતી. જોકે, આ જમીન પર છેલ્લાં કેટલાંક સમયથી જુમ્માખાન પઠાણ નામના શખશે તેને ગેરકાયદે પચાવી પાડી તેના પર દબાણ કર્યું હતું. જોકે, હવે આરોપી જુમ્માખાન ED (એન્ફોર્સમેન્ટ ઓફ ડિરેક્ટોરેટ) ની રડાર પર આવ્યો છે. ઈડીએ હાલ આ મામલે આરોપી પઠાણના ઘરે દરોડા પાડી સર્ચ-ઓપરેશન હાથ ધર્યું છે. મળતી માહિતી મુજબ, મંગળવારે (૬ મે) વહેલી સવારથી અમદાવાદના જમાલપુર વિસ્તારમાં સૌદાગર બિલ્ડર્સના નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસા કરનારા આરોપી સલીમ જુમ્માખાન પઠાણના અલગ-અલગ સ્થળો પર ઈડી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં જમાલપુર કાચની મસ્જિદ, સના ૭ બિલ્ડિંગ, ખેડાનું ફાર્મહાઉસ સહિતનો સમાવેશ થાય છે. આરોપ લગાવવામાં આવી રહ્યોછે કે, સલીમ ખાન સહિત પાંચ લોકોએ જમાલપુર વિસ્તારમાં આવેલી કાચની મસ્જિદ અને શાહ બડા કાસમ ટ્રસ્ટમાં ટ્રસ્ટી ન હોવા છતાં ગેરકાયદે દુકાનો અને મકાનો બનાવી લાખો રૂપિયા પડાવ્યા હતાં. સલીમ અને તેના સાથીઓ આ દુકાનનું લાખો રૂપિયા ભાડું વસૂલતા હતાં. આ લોકો ટ્રસ્ટી ન હોવા છતાં ખોટી ઓળખ આપી મિલકતમાં રહેતા હતાં. આરોપીઓએ આશરે ૧૦૦ જેટલાં ઘર અને દુકાન આ રીતે ગેરકાયદે લઈને દરેક દુકાન અને ઘર દીઠ ૭-૮ હજાર રૂપિયા ભાડું વસૂલતા હતાં. નોંધનીય છે કે, આ પહેલાં જમાલપુરના કાચની મસ્જિદ પાસે રહેતા મોહમ્મદ રફીક અન્સારીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, આ આરોપીઓ કાચની મસ્જિદ ટ્રસ્ટની મિલકતમાં રહે છે. ટ્રસ્ટના જૂના બધા ટ્રસ્ટીઓ મૃત્યુ પામ્યા ત્યારબાદથી આ લોકોએ ત્યાં કબજો કર્યો છે. જોકે, વર્ષો પહેલાં મસ્જિદને અડીને આવેલી આ જમીન ટ્રસ્ટે AMCને સોંપી દીધી હતી.

## વડોદરામાં વાવાઝોડાને લીધે કમાટીબાગના પ્રાણી સંગ્રહાલયમાં ૧૨ વૃક્ષો પડી ગયા

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વડોદરામાં સોમવારની મોડી સાંજે ૮૦ કીમીની ઝડપે જોરદાર વાવાઝોડું ત્રાટક્યું હતું. જેના લીધે શહેરમાં ૨૦૦ વૃક્ષો પડી ગયા હતા. કમાટીબાગ ખાતે આવેલા પ્રાણીસંગ્રહાલયમાં પણ ૧૨ વૃક્ષો પડ્યા હતા. જોકે આના કારણે પશુ પંખીઓને કશું નુકસાન થયું નથી. વડોદરામાં સાંજે વાવાઝોડું ત્રાટક્યું ત્યારે પ્રાણીસંગ્રહાલય બંધ થઈ ગયું હતું. મુલાકાતીઓ પણ હતા નહીં. પંખીઓ પિંજરામાં ભરાઈ ગયા હતા. જ્યારે મોટા જાનવરો નાઈટ હાઉસની અંદર જતા રહ્યા હતા. જે ૧૨ વૃક્ષ પડ્યા છે તે પિંજરાઓની પાછળ અથવા આગળના ભાગે પડ્યા હોવાથી પશુ પંખીઓને કોઈ નુકસાન થયું નથી.

### છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે

# ભારે પવનના કારણે પંચમહાલમાં ૨૫ વીજપોલ ધરાશાયી થયા

। (એજન્સી) પંચમહાલ, તા.૬ ।

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ભર ઉનાળે રાજ્યભરમાં વરસાદ જોવા મળ્યો હતો. જેના કારણે ખેડૂતોને ઘણું નુકસાન થયું છે. આ સિવાય વાવાઝોડા સાથે વરસાદના કારણે રાજ્યમાં અનેક જગ્યાએથી માલહાનિના સમાચાર પણ સામે આવ્યા હતાં. રાજ્યના પંચમહલાના શહેરામાં સોમવારે ભારે વાવાઝોડાના કારણે ૨૫થી વધારે વીજપોલ ધરાશાઈ થયા હોવાની માહિતી સામે આવી છે. સોમવારે રાજ્યભરમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ જોવા મળ્યો હતો. આ દરમિયાન જિલ્લામાં ૨૫થી વધારે વીજપોલ ધરાશાઈ થઈ ગયા હતાં. શહેરા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવનના કારણે અનેક ઝાડ પણ ધરાશાઈ થયા હતાં અને અનેક ઘરોના પતરાના શેડ પર ઊડી ગયા હતાં. જોકે, આ વીજપોલ, પડવાના કારણે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા.




### જી.જી હોસ્પિટલ ફરી વિવાદમા

# સફાઈ કામદારે સુપરવાઈઝરને માર મારતો હોસ્પિટલ ફરી વિવાદનું કેન્દ્ર બની

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરની જી.જી. હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. સફાઈ કામદારે સુપરવાઈઝરને માર મારતો હોસ્પિટલ ફરી વિવાદનું કેન્દ્ર બની છે. હોસ્પિટલમાં મહિલા સફાઈ કામદારનો મામલો પોલીસ મથકે પંહોચ્યો છે. આખરે કેમ ૩ મહિલા સફાઈ કામદારોએ સુપરવાઈઝરને માર માર્યો તેને લઈને સવાલો થઈ રહ્યા છે. સમગ્ર મામલે પોલીસે મહિલા કામદારોને અને સુપરવાઈઝર સહિત હોસ્પિટલના અન્ય સ્ટાફના નિવેદનો લઈ રહી છે. ૪૦૦ સફાઈ કામદારોએ સમગ્ર મામલે રોષ વ્યક્ત કરતાં હોસ્પિટલ બહાર વિરોધ કરી રહ્યા હતા. હાલમાં જ જી.જી. હોસ્પિટલના એક કર્મચારીના ત્રાસથી મહિલાકર્મીએ આપઘાતના પ્રયાસ કરતા વિવાદ સામે આવ્યો હતો. ત્યારે હવે ફરી ચાર દિવસની અંદર જ ૩ સફાઈ કામદાર મહિલાઓએ સુપરવાઈઝરને બરાબરાનો માર માર્યો હતો. આ મામલો હાલમાં પોલીસમાં પંહોચ્યો છે. હોસ્પિટલની સામે ૪૦૦ સફાઈ કામદારો મહિલાઓ ન્યાયની માગ સાથે ઉગ્ર વિરોધ કરી રહી છે. દેખાવ કરતી મહિલાઓમાંથી એક મહિલાએ સમગ્ર મામલે વાત કરતાં જણાવ્યું કે બે દિવસ પહેલા એક સફાઈ કામદાર બહેને દવા પીધી હતી. જ્યારે આજે વધુ એક બહેને દવા પીધી. આ બહેનો અંદરો-અંદરના ઝગડામાં અન્ય સફાઈ કામદારોના ભવિષ્યને જોખમમાં મૂકી રહી છે.

આજે ૩ બહેનોએ સુપરવાઈઝરને માર્યો ત્યારે તેમની જોહુકમીનો અન્ય કોઈપણ ભોગ બની શકે છે તેવી ફરિયાદ કરી હતી. સમગ્ર મામલે હાલમાં પોલીસ તપાસ ચાલુ છે. જે પણ દોષિત હશે તેની સામે હોસ્પિ ટલ સંચાલકો પગલા લેશે. અગાઉ પણ અનેક વખત જામનગરની જી.જી. હોસ્પિટલ વિવાદોમાં સપડાઈ છે.

## મકરબામાં ૨૪ કલાકમાં બે ભૂવા પડ્યા, NID પાસે રોડ બેસી ગયો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

મકરબામાં ૨૪ કલાકમાં બે ભૂવા પડ્યા, NID પાસે રોડ બેસી ગયોસ્માર્ટ અને હેરિટેજ સિટી તરીકેની ઓળખ મેળવ્યા બાદ હવે અમદાવાદ ભૂવા સિટી તરીકે ઓળખાવા લાગ્યું છે. શહેરમાં સિઝન કોઈપણ ઋતુની હોય રસ્તા પર ભૂવા પડવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.શહેરમાં મકરબા મેઈન રોડ સિક્સ લેન બન્યાને હજી વધુ સમય નથી થયો ત્યાં ગઈકાલે ભૂવો પડતાં એક રિક્ષા ભૂવામાં ખાબકતાં ડ્રાઈવરને ઈજા પહોંચી હતી. આ ઘટનાના ૨૪ કલાક બાદ આજે સવારે વધુ એક ભૂવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના મકરબા વિસ્તારમાં પોલીસ હેડ ક્વાર્ટર પાસે ૨૪ કલાકમાં બે ભૂવા પડવાની ઘટના સામે આવી છે. ગઈકાલે ભૂવો પડતા એક રિક્ષા તેમાં ખાબકી હતી અને તેના ચાલકને ઈજા થઈ હતી. ત્યારે ગઈકાલે રાત્રે વરસાદ થયા બાદ આજે સવારે વધુ એક ભૂવો પડ્યો છે. તંત્રની ઘોર બેદરકારીના કારણે ૨૪ કલાકમાં ૨ ભૂવા પડ્યા છે. ગઈકાલે ભૂવો પડ્યો તેમાં એક વ્યક્તિને ઈજા થઈ છે તેની હજી તો સારવાર ચાલી રહી છે. ચોમાસા પહેલા જ ભૂવા પડવાની ઘટનાઓ બનતાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. બીજી તરફ શહેરમાં NID પાસે રોડ બેસી ગયો છે. જમાલપુરથી NID તરફના ટર્નિંગ પાસે ભૂવો પડ્યો છે. આ ભૂવો પડતા મહાનગર પાલિકાએ બેરીકેટિંગ પણ કર્યું નથી. તે ઉપરાંત જોધપુર રોડ પર કારચાલક ખાડામાં પડ્યો હતો. સ્થાનિકોએ કારચાલકને દોરડા વડે બહાર કાઢ્યો હતો. આ ઘટના અંગે છસ્ઝ વોટર સપ્લાય કમિટી ચેરમેન દિલીપ બગરિયાએઅમદાવાદમાં પડેલા ભૂવાને લઈ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, મનપામાં પહેલા આ વિસ્તાર ઔડામાં હતો. અહીંથી ૪૦થી ૪૫ વર્ષ જૂની ડ્રેનેજ લાઈન પસાર થાય છે.

### ભારે પવનના કારણે વૃક્ષ ધરાશાયી થતા વૃદ્ધનું મોત

# રાજ્યમાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ ખાબક્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યમાં સતત ત્રીજા દિવસે પણ કમોસમી વરસાદ ખાબક્યો છે.

મંગળવારે (છઠ્ઠી મે) અમરેલી જિલ્લાના ડુંગર માંડલ બાલાપર મસુંદડા સહીત ગામડામાં પવન સાથે વરસાદ શરૂ છે. તો સુરતમાં પણ ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો છે. અરવલ્લી જિલ્લામાં આજે કમોસમી વરસાદે દસ્તક આપી હતી, આ દરમિયાન બાયડ રેલવે ફાટક નજીક ભારે પવનના કારણે વૃક્ષ ધરાશાયી થતા વૃદ્ધનું મૃત્યુ નીપજ્યું હતું. ભાવનગરમાં કરા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. મહુવા તાલુકાના કોટિયા, કળમોદર, બગદાણા કરા સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. સતત બીજા દિવસે માવઠાના કારણે ખેતી પાકો બરબાદ થયા હતા. ખેડૂતોના ડુંગળી, કેરી સહિતના પાકોને વ્યાપક નુકસાન થવાની સંભાવના છે. મહીસાગર જિલ્લામાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ નોંધાયો છે.